

કામકાજનો ટૂંકો અહેવાલ

છઠ્ઠી ગુજરાત વિધાનસભા

છઠ્ઠું સત્ર

(તા. ૮મી જુલાઈ, ૧૯૮૨ થી તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૨)

ગુજરાત વિધાનસભા સચિવાલય.

ગાંધીનગર.

C

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

પ્રસ્તાવના

આ પ્રકાશનમાં છઠ્ઠી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર (તા. ૮મી જુલાઈ, ૧૯૮૨થી તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૨)માં થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે. શકય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે. આશા છે કે રસ ધરાવનાર સૌ કોઈને તે ઉપયોગી નીવડશે.

ગુજરાત વિધાનસભા સચિવાલય,
ગાંધીનગર.

દ્વિજેન દેસાઈ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.

તારીખ ૨૪—૯—૧૯૮૨.

અનુક્રમણિકા

ક્રમાંક	વિષય	પાના નંબર
૧	૨	૩
૧.	છઠ્ઠી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર (તા. ૮મી જુલાઈ, ૧૯૮૨થી તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૨)માં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ.	૧
૨.	પત્રક ક્રમાંક—૧ સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી	૧૪
૩.	પત્રક ક્રમાંક—૨ ગૃહની બેઠકોની તારીખ અને સમય ...	૧૬
૪.	પત્રક ક્રમાંક—૩ સભ્યોએ વ્યકિતગત રીતે આપેલી હાજરી(સભ્યોનું હાજરીપત્રક)	૧૭
૫.	પત્રક ક્રમાંક—૪ સભ્યોની તારીખવાર હાજરી ...	૨૮
૬.	પત્રક ક્રમાંક—૫ ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)	૨૯
૭.	પત્રક ક્રમાંક—૬ ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૩૧
૮.	પત્રક ક્રમાંક—૭ તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૩૩
૯.	પત્રક ક્રમાંક—૮ અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)	૩૫
૧૦.	પત્રક ક્રમાંક—૯ દાખલ કરવાનાં સરકારી વિધેયકો.	૩૭
૧૧.	પત્રક ક્રમાંક—૧૦ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો	૩૯
૧૨.	પત્રક ક્રમાંક—૧૧ વૈધાનિક પ્રસ્તાવો (નિયમ—૧૦૦) ...	૪૪

૧	૨	૩
૧૩.	પત્રક ક્રમાંક—૧૨ વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ—૯૩)	૪૮
૧૪.	પત્રક ક્રમાંક—૧૩ વટહુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ-૧૫૨(૨)]	૪૯
૧૫.	પત્રક ક્રમાંક—૧૪ ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ—૧૦૧)	૫૦
૧૬.	પત્રક ક્રમાંક—૧૫ ટૂંક સમયની ચર્ચા (નિયમ—૧૧૨) ...	૫૧
૧૭.	પત્રક ક્રમાંક—૧૬ ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) ...	૫૨
૧૮.	પત્રક ક્રમાંક—૧૭ દાખલ કરવાનાં બિન—સરકારી વિધેયકો. ...	૫૪
૧૯.	પત્રક ક્રમાંક—૧૮ પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલાં) બિનસરકારી વિધેયકો. ...	૫૬
૨૦.	પત્રક ક્રમાંક—૧૯ પહેલાં, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલા બિન સરકારી વિધેયકો	૫૮
૨૧.	પત્રક ક્રમાંક—૨૦ બિન સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)	૬૬
૨૨.	પત્રક ક્રમાંક—૨૧ જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ / કોર્ટ ઉપર સભ્યોની ચૂંટણી.	૬૭
૨૩.	પત્રક ક્રમાંક—૨૨ સભાઓની તારીખવાર યાદી ...	૬૮
૨૪.	પત્રક ક્રમાંક—૨૩ રોજેરોજના કામકાજનો સારાંશ ...	૭૪
૨૫.	પત્રક ક્રમાંક—૨૪ વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો.	૧૦૦
૨૬.	પત્રક ક્રમાંક—૨૫ શોકદર્શક ઉલ્લેખો	૧૨૨
૨૭.	પત્રક ક્રમાંક—૨૬ વિભાજન	૧૨૩

છઠ્ઠી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

પ્રારંભિક

૧. છઠ્ઠી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠું સત્ર ગુરુવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૨થી શરૂ થયું હતું અને સોમવાર, તા. ૨૬મી જુલાઈ, ૧૯૮૨ના રોજ રાજ્યપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૧૨ દિવસ મળી હતી અને તેમાં ૧૪ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ કુલ ૬૫ કલાક અને ૩૮ મિનિટ કામ કર્યું હતું. સત્ર દરમિયાન જુદાં જુદાં કામકાજ જેવાં કે પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, બિન-સરકારી વિધેયકો વગેરેમાં કેટલો સમય ગયો હતો તે અને તેની ટકાવારી પત્રક ક્રમાંક-૧માં આપવામાં આવી છે.

ગૃહની બેઠકોની તારીખો અને સમય

૨. ગૃહની બેઠકોની તારીખ અને સમય પત્રક ક્રમાંક--૨માં આપવામાં આવ્યા છે.

હાજરી

૩. સત્ર દરમિયાન એક દિવસમાં વધારેમાં વધારે હાજરી ૧૫૬ હતી અને ઓછામાં ઓછી હાજરી ૧૩૪ હતી. સરેરાશ હાજરી ૧૪૪ હતી. સભ્યોએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી પત્રક ક્રમાંક--૩માં તથા સભ્યોની તારીખવાર હાજરી પત્રક ક્રમાંક-૪માં દર્શાવવામાં આવી છે.

તારાંકિત, અતારાંકિત અને ટૂંકી મુદતના પ્રશ્નો.

૪. સત્ર દરમિયાન ૩૧ ટૂંકી મુદતના પ્રશ્નોની, ૧૩૩૮ તારાંકિત પ્રશ્નોની અને ૭૯૪ અતારાંકિત પ્રશ્નોની સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો હતો તે તથા પ્રશ્નોની વિભાગવાર માહિતી પત્રકો ક્રમાંક-૫, ૬, ૭ અને ૮માં આપવામાં આવી છે. સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે પ્રથમ ૧૧ દિવસોનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો પરંતુ પાછળથી ૧ દિવસનો વધારાનો કાર્યક્રમ નક્કી કરવામાં આવ્યો હતો. તેથી સત્ર દરમિયાન કુલ ૧૨ દિવસોએ તારાંકિત પ્રશ્નોત્તરી રાખવામાં આવી હતી. પ્રશ્નો સંબંધેની કેટલીક રસપ્રદ વિગતો નીચે મુજબ છે :—

(૧) સત્ર દરમિયાન ૪ ટૂંકી મુદતના પ્રશ્નો ગૃહમાં રજૂ થયા હતા અને તે બધા પ્રશ્નો ઉપર પ્રશ્નોત્તરી થઈ હતી.

(૨) સત્ર દરમિયાન કુલ ૫૬૪ તારાંકિત પ્રશ્નો સભાગૃહમાં રજૂ થયા હતા. તેમાંથી ફક્ત ૧૩૪ પ્રશ્નોના મૌખિક જવાબ આપવામાં આવ્યા હતા.

(૩) કુલ ૧૨ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીઓમાંથી વધારેમાં વધારે એટલે કે ૬૯ પ્રશ્નો તા. ૧૯-૭-૮૨ની યાદીમાં અને ઓછામાં ઓછા એટલે કે ૧૫ પ્રશ્નો તા. ૨૬-૭-૮૨ની યાદીમાં હતા.

(૪) સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્નોમાંથી વધારેમાં વધારે ૧૪ પ્રશ્નોના તા. ૧૪-૭-૮૨-ના રોજ અને ઓછામાં ઓછા ૯ પ્રશ્નોના તા. ૧૯-૭-૮૨ અને તા. ૨૧-૭-૮૨ના રોજ સભાગૃહમાં મૌખિક જવાબો આપવામાં આવ્યા હતા.

(૫) સભાગૃહમાં તા. ૧૫-૭-૮૨, ૧૯-૭-૮૨, ૨૧-૭-૮૨ અને ૨૬-૭-૮૨ના રોજ રજૂ થયેલી તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાંના પાંચ તારાંકિત પ્રશ્નો અનુક્રમે ક્રમાંક ૧૧૬૫૬, ૧૧૭૭૭, ૧૧૩૫૮, ૧૧૯૭૬ અને ૧૧૯૮૦ની સૂચના આપનાર પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહમાં ગેરહાજર હોવા છતાં પણ સંબંધિત મંત્રીશ્રીઓએ જાહેર હિતમાં તે પ્રશ્નોના જવાબ આપ્યા હતા.

(૬) તા. ૨૬-૭-૮૨ના રોજની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૦૭૯૫ની સૂચના આપનાર પ્રભારી સભ્યશ્રી ગૃહમાં હાજર હોવા છતાં પણ તે સભ્યશ્રીએ પૂરક પ્રશ્નો પૂછ્યા ન હતા. આમ છતાં ગૃહમાં હાજર રહેલા અન્ય સભ્યશ્રીઓના પૂરક પ્રશ્નોના જવાબ માનનીય આયોજન મંત્રીશ્રીએ આપ્યા હતા.

અરધા કલાકની ચર્ચા

૫. સત્ર દરમિયાન નિયમ ૯૨ હેઠળ અરધા કલાકની ચર્ચા ઉપસ્થિત કરવા માટેની કુલ ૩ સૂચનાઓ મળી હતી. તે પૈકી ૧ સૂચના દાખલ કરવામાં આવી હતી જે તા. ૨૧-૭-૮૨ના રોજ સભાગૃહમાં ચર્ચાઈ હતી.

વટહુકમો

૬. સત્ર દરમિયાન સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક--૧ સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વટહુકમ તા. ૮-૭-૮૨ના રોજ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો હતો અને આ વટહુકમનું સ્થાન લેતું વિધેયક પસાર કરવામાં આવ્યું હતું.

સરકારી વિધેયકો

૭. **દાખલ કરવામાં સરકારી વિધેયકો.**—સત્ર દરમિયાન ૭ સરકારી વિધેયકો દાખલ કરવાનાં હતાં, તેમાંથી ૪ વિધેયકો સભાગૃહમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૯).

૮. **પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો.**—પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના ૯ સરકારી વિધેયકો હતા તે પૈકી સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૫૨, ૬૬, ૬૮ અને ૬૯ પહેલા, બીજા અને ત્રીજા વાંચન બાદ પસાર કરવામાં આવ્યાં હતાં (જુઓ પત્રક ક્રમાંક-૧૦).

પસાર થયેલા સરકારી વિધેયકો અને તેનું વિષયવાર વર્ગીકરણ

૯. **વિધેયકોનું વર્ગીકરણ**

૧. મુંબઈ રાજ્યના ગુજરાતમાં અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૨
૨. ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૨
કુલ	૪

૧૦. વિષયવાર વર્ગીકરણ

૧.	સિંચાઈને લગતું	૧
૨.	ખેત-જમીનને લગતું	૧
૩.	શિક્ષણને લગતું	૧
૪.	સહકારને લગતું	૧
	કુલ	૪

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ રાષ્ટ્રપતિ / રાજ્યપાલની અનુમતિવાળાં વિધેયકો.

૧૧. સત્ર દરમ્યાન રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિવાળાં નીચેના વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યાં હતાં :—

અનુ. ક્રમાંક	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	કોની અનુમતિ મળી	મેજ ઉપર મૂક્યા તારીખ
૧	૨	૩	૪
૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૧ સન ૧૯૮૨નું મુંબઈ દીવાની કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક.	રાષ્ટ્રપતિ	૮--૭--૮૨
૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૩ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને મંત્રીઓના પગાર અને ભથ્થાં અંગેના કાયદા (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૪ સન ૧૯૮૨નું મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૪.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૫ સન ૧૯૮૨નું મુંબઈ મોટર વાહન કર (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૫.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૪ સન ૧૯૮૨નું ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨

૧	૨	૩	૪
૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૫૧ સન ૧૯૮૨નું ગુજરાત વેચાણવેરા(બીજા સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૬ સન ૧૯૮૨નું મુંબઈ સ્ટેમ્પ (ગુજરાત સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૮.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૭ સન ૧૯૮૨નું ગુજરાત મનોરંજન કર (સુધારા) વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨
૯.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૭ સન ૧૯૮૨નું ગુજરાત વિનિયોગ વિધેયક.	રાજ્યપાલશ્રી	૮--૭--૮૨

સભામોકૂફીના પ્રસ્તાવો (નિયમ--૧૦૮)

૧૨. સત્ર દરમિયાન તાકીદની જાહેર અગત્યની બાબત પર ચર્ચા કરવા માટે સભા મોકૂફીના પ્રસ્તાવની કુલ બે સૂચનાઓ આવી હતી. આ બંને સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ--૧૦૦)

૧૩. બંધારણની કલમ ૨૫૨(૧) અન્વયેના વૈધાનિક પ્રસ્તાવની એક સૂચના મળી હતી. અને તે દાખલ કરવામાં આવી હતી. સમયના અભાવે પ્રસ્તાવ ઉપર ચર્ચા થઈ શકી ન હતી.

૧૪. સભ્યશ્રી શશીકાન્ત લાખાણી અને સભ્યશ્રી જશવંતસિંહ ચૌહાણના અગાઉના સત્રોમાં દાખલ કરેલ વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૦ અન્વયેના ૧૧ વૈધાનિક પ્રસ્તાવોમાંથી એકેક પ્રસ્તાવ પર તા. ૧૩-૭-૮૨ અને ૧૪-૭-૮૨ના રોજ સભાગૃહમાં ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે બંને પ્રસ્તાવો સભાગૃહની પરવાનગીથી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક--૧૧)

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ--૯૩)

૧૫. સત્ર દરમિયાન નિયમ--૯૩ અન્વયેના વૈધાનિક પ્રસ્તાવો સિવાયના ૪ સરકારી પ્રસ્તાવોની સૂચના મળી હતી અને તે દાખલ કરવામાં આવી હતી. તેમાંથી ૩ પ્રસ્તાવો ઉપર ચર્ચા કરવામાં આવી હતી. (જુઓ પત્રક ક્રમાંક--૧૨)

વટહુકમો નામંજુર કરતા વૈધાનિક પ્રસ્તાવો [(નિયમ--૧૫૨ (૨)]

૧૬. સન ૧૯૮૨ના વટહુકમ ક્રમાંક--૧ સન ૧૯૮૨ના ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમને નામંજૂર કરવા અંગેના વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયેના પ્રસ્તાવની એક સૂચના મળી હતી અને તે દાખલ કરવામાં આવી હતી. પ્રસ્તાવ પર તા. ૨૦, ૨૧ અને ૨૨મી જુલાઈ, ૧૯૮૨ના રોજ ચર્ચા કરવામાં આવી હતી. ચર્ચાના અંતે વટહુકમ નામંજુર કરતા પ્રસ્તાવનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક-૧૩)

ચર્ચા માટેનો દિવસ નકકી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ--૧૦૧)

૧૭. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૧ હેઠળ જેની ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવોની કુલ ૯ સુચનાઓ મળી હતી. તેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. જ્યારે સાત સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી બે સૂચનાઓ પૈકી એક સૂચના કામકાજ સલાહકાર સમિતિની ભલામણ અનુસાર તા. ૧૬મી જુલાઈ, ૧૯૮૨ના રોજ ગૃહમાં ચર્ચાઈ હતી અને બીજી સૂચના સમયના અભાવે ગૃહમાં ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૪)

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ--૧૦૨)

૧૮. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૫૪ સૂચનાઓ આવી હતી. આવી સુચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૧૯-૭-૧૯૮૨ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં જેમને અગ્રતા મળી હતી તે સભ્યશ્રી સુકાભાઈ આંત્રોલિયાએ ઘેડ વિસ્તારની જમીન નવસાધ્ય કરવા અંગે પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. આ પ્રસ્તાવ પર સભ્યશ્રીની ગેરહાજરીના કારણે ગૃહમાં ચર્ચા થઈ શકી ન હતી.

ટૂંક સમયની ચર્ચા (નિયમ--૧૧૨)

૧૯. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૨ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે કુલ ૯ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૨ સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી જ્યારે ૭ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી બંને સૂચનાઓ સમયના અભાવે સભાગૃહમાં ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી. (જુઓ પત્રક ક્રમાંક-૧૫)

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ--૧૧૬)

૨૦. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૧૬ હેઠળની તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરતી કુલ ૭૨ સૂચનાઓ આવી હતી. તેમાંથી ૫૧ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. બાકીની ૨૧ સૂચનાઓ પૈકી સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓના નામ જોડતાં કુલ ૧૦ સુચનાઓ દાખલ કરવામાં આવી હતી. આ ૧૦ સુચનાઓ સંબંધે લાગતાવળગતા મંત્રીશ્રીઓએ ગૃહમાં નિવેદન કર્યાં હતાં. (જુઓ પત્રક ક્રમાંક-૧૬).

જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓના નિવેદનો (નિયમ-૪૪)

૨૧. સત્ર દરમિયાન વિધાનસભાના નિયમોના નિયમ ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર લાગતાવળગતા મંત્રીશ્રીઓ તરફથી નીચે મુજબ કુલ ૫ નિવેદનો કરવામાં આવ્યાં હતાં:—

અ.નં.	નિવેદનનો વિષય (ટૂંકમાં)	નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ	નિવેદન કર્યાની તારીખ
૧	૨	૩	૪
૧.	નર્મદા યોજના અંગે	શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી	૯--૭--૮૨
૨.	રાજ્યના ઓવર ડ્રાફ્ટ અંગે	શ્રી સનત મહેતા, નાણાં મંત્રીશ્રી	૧૨--૭--૮૨
૩.	ગુજરાત પાણી પુરવઠા અને ગટર યોજના પ્રોજેક્ટ પેકેજ અંગે વિશ્વબેંક સહાય.	શ્રી મનોહરસિંહજી જાડેજા, આરોગ્ય મંત્રીશ્રી	૧૫--૭--૮૨
૪.	નબળા વર્ગના લોકોને સસ્તા ભાવે સીંગતેલ આપવા અંગે	શ્રી મનોહરસિંહજી જાડેજા, નાગરિક પુરવઠા મંત્રીશ્રી	૨૨--૭--૮૨
૫.	વરસાદની પરિસ્થિતિ અંગે	શ્રી માધવસિંહ સોલંકી, મુખ્ય મંત્રીશ્રી.	૨૬--૭--૮૨

બિન-સરકારી વિધેયકો

૨૨. દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો.—સત્ર દરમિયાન ૧૪ બિન-સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક ૧૭)

૨૩. પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેનાં બિન-સરકારી વિધેયકો. છઠ્ઠી ગુજરાત વિધાનસભાના અગાઉના સત્રોના ૪૬ બિન-સરકારી વિધેયકો સહિત કુલ ૬૦ બિન-સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા તે પૈકી ૫ વિધેયકો સભાગૃહની પરવાનગીથી પાછા ખેંચી લેવામાં આવ્યાં હતાં અને ૧ વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ નામંજૂર કરવામાં આવ્યો હતો (જુઓ પત્રક ક્રમાંક--૧૮) જ્યારે ૫૪ વિધેયકો બાકી રહ્યા હતા. (જુઓ પત્રક ક્રમાંક--૧૯)

દાખલ થયેલાં બિન-સરકારી વિધેયકોનું વર્ગીકરણ

૨૪. વિધેયકોનું વર્ગીકરણ.

૧. મુંબઈ રાજ્યના ગુજરાતમાં અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૩
૨. ગુજરાત રાજ્યના અમલી કાયદાને સુધારતાં વિધેયકો	૨
૩. મૂળ વિધેયકો	૯
કુલ :	૧૪

૨૫. વિષયવાર વર્ગીકરણ.

૧. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને લગતાં	૩
૨. શ્રમ અને રોજગારને લગતાં	૫
૩. સામાન્ય વહીવટને લગતું વિધેયક	૧
૪. નાણાં અને કરવેરાને લગતા	૨
૫. અન્ય	૩
કુલ :	૧૪

બિન સરકારી સંકલ્પો (નિયમ--૧૧૭)

૨૬. બિનસરકારી સંકલ્પોની ચર્ચા માટે તા. ૧૫--૭--૧૯૮૨નો દિવસ ફાળવવામાં આવ્યો હતો તે દિવસે બિન-સરકારી સંકલ્પો રજૂ કરવાની ઈચ્છા વ્યકત કરતી કુલ ૩૦ સૂચનાઓ આવી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામોનું બેલટ તા. ૮--૭--૧૯૮૨ના રોજ યોજવામાં આવ્યું હતું. બેલટમાં આવેલા ત્રણ સભ્યોએ એક એક સંકલ્પની સૂચના આપી હતી જે બધી દાખલ કરવામાં આવી હતી. સંકલ્પોની ચર્ચા અને તેના પરિણામોની વિગત માટે જુઓ પત્રક ક્રમાંક--૨૦.

ઔચિત્ય ભંગનો પ્રશ્ન

૨૭. તા. ૨૧--૭--૮૨ના રોજ સભ્યશ્રી અશોક ભટ્ટે અધ્યક્ષશ્રીની અનુમતિથી ઔચિત્ય ભંગનો મુદ્દો સભાગૃહમાં ઉપસ્થિત કરતાં જણાવ્યું હતું કે, તા. ૨૦--૭--૮૨ના રોજ સીટીઝન્સ કાઉન્સિલ નામની ખાનગી સંસ્થા દ્વારા વિધાનસભાના મકાનમાં આવેલા કેબીનેટ ખંડમાં ચહા-નાસ્તાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. વિધાનસભાના મકાનમાં સભાકક્ષ, લોબી, ગેલેરી વગેરે ગૃહનો ભાગ ગણાય છે અને વિધાનસભાના મકાનમાં આવેલો કેબીનેટ ખંડ ગૃહની હદમાં આવેલો હોઈ તે પણ ગૃહનો ભાગ ગણાય છે. તેથી ગૃહની હદમાં આવેલા કેબીનેટ ખંડમાં અધ્યક્ષશ્રીની પૂર્વમંજૂરી મેળવ્યા વિના આ રીતે કાર્યક્રમ યોજી આ વિધાનસભા ગૃહના ઔચિત્યનો ભંગ કર્યો છે. વધુમાં શ્રી ભટ્ટે જણાવ્યું હતું કે આ સંસ્થાએ જે આમંત્રણ પત્રિકા છપાવી હતી તેમાં કાર્યક્રમનું સ્થળ 'કેબીનેટ ખંડ એસેમ્બ્લી હાઉસ, ગાંધીનગર' એવું છપાવી જાણે કે આ કાર્યક્રમ વિધાનસભા દ્વારા જ યોજવામાં આવ્યો છે તેવો ભાસ ઉભો કરવાનો પણ પ્રયત્ન કરવામાં આવ્યો છે, જે સભાગૃહના ઔચિત્ય સાથે સુસંગત નથી.

આ બાબતમાં નાયબ મંત્રીશ્રી મહંમદ હુસેન બલોચે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે સભ્યશ્રી અશોક ભટ્ટે વિધાનસભાનો નિયમોના નિયમ-૨નો ઉલ્લેખ કરી, જ્યાં સુધી અધ્યક્ષશ્રી ગૃહની હદ નક્કી ન કરે ત્યાં સુધી વિધાનસભાનું આખું મકાન ગૃહની હદ ગણાય છે તેવું જે નિયમનું અર્થઘટન કર્યું છે તે બરાબર નથી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે તા. ૨૦--૭--૮૨ના રોજ સભાગૃહની બે બેઠકો હતી. આથી આ બેઠક અન્ય સ્થળે રાખવાનું અનુકૂળ ન હોવાથી કેબીનેટ ખંડમાં રાખવામાં આવી હતી. આ બેઠક યોજવા પાછળ બીજો કોઈ ઈરાદો હતો નહિ. તેમણે ૧૯૬૦ થી ૧૯૭૧ના અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના પુસ્તકના પાન ૨૨૧ ઉપરના નિર્ણયનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે જે વિસ્તારો નિર્દિષ્ટ કર્યા હોય તે સિવાયના વિસ્તારોમાં અધ્યક્ષશ્રીની હકુમત નથી, આથી આમાં ઔચિત્ય ભંગ જેવું કાંઈ નથી.

ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ વધુ સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે વિધાનસભાનું મકાન નવું છે, તેમાં હજુ બધું ગોઠવાય છે, ગૃહની હદ હજી નક્કી થઈ નથી તેમજ હજી તેમાં મુખ્યમંત્રીશ્રીના મુલાકાતીઓ માટે જગ્યા પણ ફાળવવામાં આવી નથી તેમજ તા. ૨૦--૭--૮૨ના રોજ ગૃહની બે બેઠકો હતી અને વલ્ડ જેસીસના પ્રમુખ આવ્યા હતા તેથી તેમને મળવા આ બેઠક કેબીનેટ ખંડમાં રાખવામાં આવી હતી. આની પાછળ વિધાનસભાના નિયમો કે ધારાધોરણનું કોઈ સમજપૂર્વક અવમાન કરવાનો ઈરાદો હતો નહિ. વધુમાં તેમણે જણાવ્યું હતું કે સીટીઝન કાઉન્સિલે તેમની આમંત્રણ પત્રિકામાં ચા-નાસ્તાની બાબતો લખવી જોઈતી ન હતી.

ત્યાર બાદ આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ લોકસભામાં જે રીતે સભાગૃહની હદ નક્કી કરવામાં આવી છે તે રીતે આપણા સભાગૃહની હદ નક્કી કરવાનું સૂચન કર્યું હતું, જેથી ભવિષ્યમાં આવી બાબતોમાં કોઈ મુશ્કેલી ન પડે.

અન્ય સભ્યશ્રીઓને સાંભળ્યા બાદ અધ્યક્ષશ્રીએ નિર્ણય આપતાં જણાવ્યું હતું કે જે થયું છે તે બરાબર થયું નથી. આમંત્રણ પત્રિકામાં છે જે છાપ્યું છે અને અખબારોમાં પણ આ કાર્યક્રમની જે રીતે જાહેરાત થઈ છે તે જોતાં આમાં નહિ બનવું જોઈએ એવું બન્યું છે પરંતુ મુખ્યમંત્રીશ્રીએ ખુલાસો કર્યો છે તેથી હવે આમાં કાંઈ કરવાનું રહેતું નથી. તેમણે વધુમાં જણાવ્યું

હતું કે વિધાનસભા ગૃહની હકુમત હોય ત્યાં બીજા કોઈ જાહેર સમારંભો ન યોજી શકાય તેવી પ્રણાલી આપણે પાડવી જોઈએ.

અંતમાં તેમણે જણાવ્યું હતું કે લોકસભામાં જે રીતે સભાગૃહની હદ ઠરાવવામાં આવી છે તેને અનુરૂપ આપણા સભાગૃહની હદ નક્કી કરવા શું નિયમો ઘડવા એ સંબંધમાં સહુની સાથે બેસીને નક્કી કરવાનું રહેશે.

વિશેષાધિકાર ભંગના પ્રશ્નો

૨૮. વિશેષાધિકાર ભંગના પ્રશ્નની કુલ ૨ સૂચનાઓ મળી હતી. આ બંને સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

પોઈન્ટ ઓફ ઓર્ડર

૨૯. સત્ર દરમિયાન કુલ ૨૫ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવ્યા હતા. તેમાં ૮ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા એટલે કે ૩૨ ટકા પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા હતા. ૧૦ પોઈન્ટ ઓફ ઓર્ડર માન્ય રાખવામાં આવ્યા નહિ. જ્યારે બાકી રહેલા ૭ પોઈન્ટ ઓફ ઓર્ડર બાબતમાં અધ્યક્ષશ્રીએ એવો નિર્ણય આપ્યો હતો કે તે પોઈન્ટ ઓફ ઓર્ડર નથી.

જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ ઉપર સભ્યોની ચુંટણી

૩૦. સત્ર દરમિયાન પત્રક ક્રમાંક ૨૧માં જણાવેલ યુનિવર્સિટીની સેનેટ/કોર્ટ ઉપર વિધાનસભાના પ્રતિનિધિની ચૂંટણી કરવામાં આવી હતી.

સમિતિઓની બેઠકો

૩૧. સત્ર દરમિયાન નીચે જણાવેલી સમિતિઓની બેઠકો મળી હતી:—

અનુક્રમાંક	સમિતિનું નામ	બેઠકની તારીખ
૧	૨	૩
૧.	કામકાજ સલાહકાર સમિતિ	૮–૭–૮૨ ૧૨–૭–૮૨ ૨૧–૭–૮૨

૧	૨	૩
૨.	બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ	૧–૭–૮૨ ૧૩–૭–૮૨ ૨૦–૭–૮૨
૩.	જાહેર સાહસો માટેની સમિતિ	૧૬–૭–૮૨
૪.	અનુસચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ	૧૫–૭–૮૨
૫.	સભાગૃહના બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ	૧૯–૭–૮૨
૬.	સદસ્ય નિવાસ વ્યવસ્થા સમિતિ	૧૪–૭–૮૨

વિધાનસભામાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિઓના અહેવાલો

૩૨. સત્ર દરમ્યાન નીચે જણાવેલા અહેવાલો સભાગૃહમાં રજૂ થયા હતા/ચર્ચાયા હતા:—

અનુ-ક્રમાંક	અહેવાલ	રજૂ થયા તારીખ	ચર્ચાયા તારીખ
૧	૨	૩	૪
૧. કામકાજ સલાહકાર સમિતિ			
	૧. બાવીસમો અહેવાલ	૯–૭–૮૨	૯–૭–૮૨
	૨. ત્રેવીસમો અહેવાલ	૧૨–૭–૮૨	૧૨–૭–૮૨
	૩. ચોવીસમો અહેવાલ	૨૧–૭–૮૨	૨૧–૭–૮૨
૨. બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ			
	૧. બાવીસમો અહેવાલ	૮–૭–૮૨	૮–૭–૮૨

૧	૨	૩	૪
	૨. ત્રેવીસમો અહેવાલ	૧૪–૭–૮૨	૧૪–૭–૮૨
	૩. ચોવીસમો અહેવાલ	૨૧–૭–૮૨	૨૧–૭–૮૨
૩.	**સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ**		
	૧. ચોથો અહેવાલ	૨૧–૭–૮૨	૨૧–૭–૮૨
૪.	**અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ.**		
	૧. પાંચમો અહેવાલ	૨૧–૭–૮૨	—
	૨. છઠ્ઠો અહેવાલ	૨૧–૭–૮૨	—
	૩. સાતમો અહેવાલ	૨૧–૭–૮૨	—
૫.	**જાહેર સાહસો માટેની સમિતિ**		
	૧. તેરમો અહેવાલ	૨૧–૭–૮૨	—

વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો

૩૩. સત્ર દરમિયાન નીચે જણાવેલા કાગળો (અધિસૂચનાઓ સિવાય) વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા:—

અ. નં.	વિગત	મેજ ઉપર મૂકયા તારીખ
૧	૨	૩
૧.	ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૭૯–૮૦ના વર્ષનો પ્રશાસકિય અહેવાલ.	૯–૭–૮૨
૨.	ગુજરાત લઘુઉદ્યોગ નિગમ લિ.નો સન ૧૯૮૦ના વર્ષની કામગીરી દર્શાવતો અહેવાલ.	૯–૭–૮૨

૧	૨	૩
૩.	ગુજરાત રાજ્ય હસ્ત ઉદ્યોગ અને હાથ વણાટ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૭૭--૭૮ના વર્ષનો વાર્ષિક અહેવાલ અને હિસાબો.	૧૫--૭--૮૨
૪.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનના સન ૧૯૮૦--૮૧ના સુધારેલા અંદાજો અને સન ૧૯૮૧--૮૨ના અંદાજો.	૧૯--૭--૮૨
૫.	ગુજરાત તકેદારી આયોગનો સન ૧૯૭૯--૮૦નો સોળમો વાર્ષિક અહેવાલ.	૨૦--૭--૮૨
૬.	ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડનો પાંચમો વાર્ષિક અહેવાલ.	૨૦--૭--૮૨
૭.	ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૧૯૭૮--૭૯નો વાર્ષિક અહેવાલ.	૨૬--૭--૮૨

સત્ર દરમ્યાન ખરેખર થયેલા કામ પ્રમાણેની તારીખવાર યાદી

૩૪. સત્ર દરમ્યાન જદાં જુદાં કામ ખરેખર કઈ તારીખે હાથ પર લેવાયાં તેની આખરી યાદી પત્રક ક્રમાંક--૨૨માં આપવામાં આવી છે.

રોજેરોજના કામકાજનો સારાંશ

૩૫. સત્ર દરમ્યાન વિધાનસભાએ રોજેરોજ કરેલ કામકાજનો સારાંશ પત્રક ક્રમાંક--૨૩માં આપવામાં આવ્યો છે.

વિધાનસભાની ચર્ચાઓમાં જુદા જુદા સભ્યોનો ફાળો

૩૬. સત્ર દરમ્યાન જુદા જુદા કામમાં સભ્યોએ કેટલી વખત ભાગ લીધો તે પત્રક ક્રમાંક--૨૪માં આપવામાં આવ્યું છે.

શોકદર્શક ઉલ્લેખ

૩૭. સત્ર દરમ્યાન ૬ શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. જેમાં ૫ ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રીઓ અને ૧ ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્યશ્રીનો સમાવેશ કરવામાં આવ્યો હતો. (જુઓ પત્રક ક્રમાંક--૨૫)

વિભાજન

૩૮. સત્ર દરમ્યાન થયેલ વિભાજનને લગતી માહિતી પત્રક ક્રમાંક--૨૬માં આપવામાં આવી છે.

સભા-ત્યાગ

૩૯. (૧) ગુરુવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૨ના રોજ શ્રી શાંતિલાલ પટેલે ગાંધીનગરમાં પ્રાથમિક શિક્ષકોના આવેલા મોરચામાંની બહેનો પર થયેલા લાઠીચાર્જ અંગેનો મુદ્દો ઉભો કર્યો અને મંત્રીશ્રીને ખુલાસો કરવા વિનંતી કરી. બીજા વિરોધ પક્ષના સભ્યોએ પણ સરકારને ખુલાસો કરવાનો આગ્રહ કર્યો. ત્યારે ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સરકાર પાસે તાત્કાલિક માહિતી લભ્ય ન હોઈ માહિતી મેળવીને તે ગૃહને જણાવશે. તેમ છતાં વિરોધ પક્ષના સભ્યોએ આગ્રહ જારી રાખ્યો અને છેવટે વિરોધ પક્ષના બધા સભ્યો સભાત્યાગ કરી ગયા.

(૨) સોમવાર, તા. ૧૪મી જુલાઈ, ૧૯૮૨ના રોજ સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૯ સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયકના ક્લમ--૨ પરના સુધારા નામંજૂર થતા, શ્રી હરિસિંહ ચાવડા સિવાયના બધા વિરોધ પક્ષના સભ્યોએ સભાત્યાગ કર્યો.

વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલા પ્રેક્ષકો

૪૦. સત્ર દરમ્યાન નીચે જણાવ્યા મુજબના પ્રેક્ષકો વિધાનસભાની કાર્યવાહી જોવા આવ્યા હતા:—

(૧)	પ્રેક્ષક દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૧૧,૬૪૮
(૨)	૪૬ શૈક્ષણિક સંસ્થા અને શાળાઓમાંથી વિધાનસભાની કાર્યવાહી જોવા માટે આવેલા વિદ્યાર્થીઓ	૩,૪૧૪
(૩)	અધ્યક્ષા દીર્ઘામાં આવેલા પ્રેક્ષકો	૨,૮૦૩
(૪)	અતિથિ વિશેષ દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા	૨,૮૧૫
(૫)	નામદાર રાજ્યપાલશ્રીની દીર્ઘામાં આવેલા મહેમાનોની સંખ્યા	—
	કુલ :	૨૦,૬૮૦

પત્રક ક્રમાંક–૧

(જુઓ ફકરા ક્રમાંક–૧)

સત્રમાં થયેલા જુદા જુદા કામકાજે લીધેલ સમય અને તેની ટકાવારી

નંબર	કામકાજ	કામકાજમાં લીધેલ સમય	ટકાવારી
૧	૨	૩	૪
		ક. મિ.	
૧.	પ્રશ્નોત્તરી	૧૨–૦૦	૧૮.૦૦
૨.	વિધેયકો :		
	(અ) સરકારી	૨૩–૩૫	૩૬.૦૦
	(બ) બિનસરકારી	૪–૧૫	૭.૦૦
૩.	અંદાજપત્ર પર ચર્ચા		
૪.	પ્રસ્તાવો		
	(અ) સભા-મોકૂફીના પ્રસ્તાવો	—	—
	(બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો	—	—
	(ક) બીજા પ્રસ્તાવો (સરકારી તેમજ બિનસરકારી સભ્યોના તેમજ બીજા પ્રસ્તાવો સહિત)	૫–૩૦	૮.૦૦
૫.	રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા	—	—
૬.	બિનસરકારી સંકલ્પો	૨–૦૨	૩.૦૦
૭.	વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા	૧૨–૪૫	૨૦.૦૦

૧	૨	૩	૪
૮.	વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા	૦૦–૧૬	૦.૦૦
૯.	અન્ય બાબતો	૫–૧૫	૮.૦૦
		૬૫–૩૮	૧૦૦.૦૦

પત્રક ક્રમાંક- ૨

(જુઓ ફકરા ક્રમાંક—૨)

ગૃહની બેઠકોની તારીખ અને સમય

કામકાજના દિવસો : ૧૨ સભાગૃહની બેઠકો : ૧૪

વાર/તારીખ	બેઠક શરૂ થવાનો અને પૂરો થવાનો સમય	વિશ્રાંતિ	બેઠકનો ખરેખર સમય
૧	૨	૩	૪
		ક. મિ.	ક. મિ.
ગુરુવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૩૫	૦--૪૫	૪--૫૦
શુક્રવાર, ૯મી જુલાઈ, ૧૯૮૨	૮--૦૦થી૧૨--૩૪	૦--૩૦	૪--૦૪
સોમવાર, ૧૨મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫-૧૫	૦--૪૫	૪--૩૦
મંગળવાર, ૧૩મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૫૭	૦--૫૦	૫--૦૭
બુધવાર, ૧૪મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૫૬	૦--૪૫	૫--૧૧
ગુરુવાર, ૧૫મી જુલાઈ, ૧૯૮૨	૮--૦૦થી ૧૨--૩૨ ૨--૩૦થી ૬--૫૦	૦--૩૦ ૦--૩૦	૭--૫૨
શુક્રવાર, ૧૬મી જુલાઈ, ૧૯૮૨	૮--૦૦થી ૨-૧૧	૦--૩૦	૫--૪૧
સોમવાર, ૧૯મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૧૫	૦--૪૫	૪--૩૦
મંગળવાર, ૨૦મી જુલાઈ, ૧૯૮૨	૮--૦૦થી ૧૨--૩૨ ૨--૩૦થી ૭--૦૧	૦--૩૦ ૦--૩૦	૮--૦૩
બુધવાર, ૨૧મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૪૨	૦--૪૫	૪--૫૭
ગુરુવાર, ૨૨મી જુલાઈ, ૧૯૮૨.	૮--૦૦થી ૨--૩૮	૦--૩૦	૬--૦૮
સોમવાર, ૨૬મી જુલાઈ, ૧૯૮૨	૧૨--૦૦થી ૫--૩૦	૦--૪૫	૪--૪૫
			૬૫--૩૮

પત્રક ક્રમાંક—૩

(જુઓ ફરકા ક્રમાંક--૩)

સભ્યોએ વ્યકિતગત રીતે આપેલ હાજરી (સભ્યોનું હાજરીપત્રક)

ક્રમાંક	સભ્યનું નામ	કુલ હાજરી
૧	૨	૩
૧	શ્રી ખરાશંકર વિઠ્ઠલદાસ જોશી	૧૨
૨	શ્રી જયકુમાર ચુનીલાલ સંઘવી	૧૪
૩	શ્રી મોહનલાલ નેમરાંદ શાહ	૧૩
૪	શ્રી વીરજી ભીમજી દાફડા	૧૩
૫	શ્રી ખીમજીભાઈ જેસંગભાઈ	મા. મંત્રીશ્રી
૬	શ્રી બાબુભાઈ મેઘજી શાહ	૧૪
૭	કુમારી શાંતાબેન ખીમજીભાઈ ચાવડા	૧૪
૮	શ્રી અરવિંદકુમાર પ્રાણજીવનભાઈ આચાર્ય	૧૩
૯	શ્રી ત્રંબકલાલ મોહનલાલ દવે	મા. મંત્રીશ્રી
૧૦	શ્રી કરમશીભાઈ કાનજીભાઈ મકવાણા	૧૩
૧૧	શ્રી જીવુભા ધેલુભા ઝાલા	૧૪
૧૨	શ્રી નગીનદાસ માણેકચંદ શાહ	૧૩
૧૩	શ્રી જીવરાજ થોભણ સરડવા	૧૪
૧૪	શ્રી વલ્લભભાઈ પોપટલાલ પટેલ	૧૧
૧૫	શ્રી મંઝુરહુસેન અબ્દુલમુતલીબ પીરઝાદા	૧૪

૧	૨	૩
૧૬	શ્રી મામૈયા હરીભાઈ ડાભી	૧૩
૧૭	શ્રી મનોહરસિંહજી પ્રદ્યુમનસિંહજી જાડેજા	મા. મંત્રીશ્રી
૧૮	શ્રી મણીલાલ રુગનાથભાઈ રાણપરા	૧૪
૧૯	શ્રી ભાનુભાઈ ગીગાભાઈ વાઘેલા	૧૪
૨૦	શ્રી કેશુભાઈ સવદાસ પટેલ	૧૪
૨૧	શ્રી જમનાદાસ સામજીભાઈ વેકરીયા	૧૪
૨૨	શ્રી રમણીકભાઈ ધામી	૧૨
૨૩	શ્રી બળવંતરાય બચુલાલ મણવર	મા. મંત્રીશ્રી
૨૪	શ્રી ભાણુજીભાઈ ભીમજીભાઈ પટેલ	૧૩
૨૫	શ્રી મોહમદહુસેન કરીમભાઈ બલોચ	મા. મંત્રીશ્રી
૨૬	શ્રી ભાણુજી કમાભાઈ પરમાર	૧૦
૨૭	શ્રી કેશુભાઈ કાળાભાઈ ઠેસિયા	૧૩
૨૮	શ્રી ચીમનભાઈ જીવાભાઈ પટેલ	૧૦
૨૯	શ્રી ભીમસી કેસુર કરંગિયા	૧૨
૩૦	શ્રી હેમતભાઈ રામભાઈ માડમ	૬
૩૧	કુમારી લીલાબેન ગૌરીશંકર ત્રિવેદી	૫
૩૨	શ્રી શશીકાન્તભાઈ આણંદલાલ લાખાણી	૧૪

૧	૨	૩
૩૩	શ્રી વિજયદાસજી વિરદાસજી મહંત	મા. મંત્રીશ્રી
૩૪	શ્રી સુકાભાઈ રામાભાઈ આંત્રોલિયા	૧૩
૩૫	શ્રી મુળજીભાઈ કાળીદાસ હુડકા	૧૪
૩૬	શ્રી દેવજીભાઈ ભીખાભાઈ વાણવી	મા. મંત્રીશ્રી
૩૭	શ્રી કાળાભાઈ રણમલભાઈ ઝાલા	૧૪
૩૮	શ્રી રુડાભાઈ દેવશી વાઢેર	૧૨
૩૯	શ્રી ઉકાભાઈ સીદીભાઈ ઝાલા	૧૩
૪૦	શ્રી ધીરજલાલ ફૂલાભાઈ રીબડીઆ	૧૩
૪૧	શ્રી હમીરજી હઠીસિંહ રાયજાદા	૧૩
૪૨	શ્રી ગોરધનભાઈ ગોકળભાઈ પટેલ	૧૪
૪૩	શ્રી બેચરભાઈ માધાભાઈ પલસાણા	૧૩
૪૪	શ્રી ખોડીદાસ દુર્લભજી ઠક્કર	૧૪
૪૫	શ્રી દ્વારકાદાસ મોહનલાલ પટેલ	૧૪
૪૬	શ્રી મનુભાઈ નારણભાઈ કોટડિયા	૧૪
૪૭	શ્રી અરસીભાઈ કાનાભાઈ કામળિયા	૧૨
૪૮	શ્રી પ્રતાપભાઈ સુરગભાઈ વરુ	૧૨
૪૯	શ્રી હાથીભાઈ છેલભાઈ ખાચર	૧૮
૫૦	શ્રી બચુભાઈ ભીખાભાઈ ગોહેલ	૧૨

૧	૨	૩
૫૧	શ્રી નટુભાઈ ભીખાભાઈ ડાભી	૧૪
૫૨	શ્રી દલસુખભાઈ જેરામભાઈ પટેલ	મા. વિરોધપક્ષના નેતાશ્રી
૫૩	શ્રી રામજીભાઈ વલ્લભભાઈ દેસાઈ	૧૩
૫૪	શ્રી વ્રજલાલ દુર્લભજી જાની	૧૪
૫૫	શ્રી ધનજીભાઈ હીરાભાઈ બાલધિયા	૧૪
૫૬	શ્રી કિરિટસિંહ અનોપસિંહ ગોહીલ	મા. મંત્રીશ્રી
૫૭	શ્રી રસિકલાલ નાથાલાલ શાહ	૧૧
૫૮	શ્રી અંબકલાલ મૂળજીભાઈ પટેલ	૧૪
૫૯	શ્રી નટવરલાલ ચંદુલાલ શાહ	... મા. અધ્યક્ષશ્રી
૬૦	શ્રી પુરૂષોત્તમ રવજીભાઈ મકવાણા	... મા. મંત્રીશ્રી
૬૧	શ્રી કુળાભાઈ દલાભાઈ ગોહેલ ...	... ૧૪
૬૨	શ્રી ભાઈલાલ અંબાલાલ પટેલ ...	... ૧૦
૬૩	શ્રી દાઉદભાઈ મીંયાભાઈ પટેલ ...	... ૧૧
૬૪	શ્રી હરિશંકર પંડ્યા ...	... ૧૪
૬૫	શ્રી ફત્તેસિંહ સોઢા ...	... ૧૪
૬૬	શ્રી ભુમાનસિંહ ગંભીરસિંહ રાઠોડ ...	... ૧૧
૬૭	શ્રીમતી કોકીલાબેન હરિપ્રસાદ વ્યાસ ...	... મા. મંત્રીશ્રી
૬૮	શ્રી બાબુભાઈ કેશવલાલ વાસણવાળા ...	... ૧૧

૧	૨	૩
૬૯	શ્રી સુરેન્દ્રકુમાર એન. રાજપુત.	૧૩
૭૦	શ્રી વાડીલાલ રતીલાલ કામદાર	૧૪
૭૧	શ્રી મોહંમદહુસેન બારેજિયા	૧૧
૭૨	શ્રી લક્ષ્મણભાઈ કાળીદાસ પટણી	૧૨
૭૩	શ્રી પ્રબોધભાઈ રાવળ	મા. મંત્રીશ્રી
૭૪	શ્રી મનુભાઈ પરમાર	૧૩
૭૫	શ્રી અશોક ચંદુલાલ ભટ્ટ	૧૪
૭૬	શ્રી અબ્દુલરહીમ તાજુજી કુંદીવાલા	૧૦
૭૭	શ્રી રામલાલ રૂપલાલ	૧૪
૭૮	શ્રી લેખરાજ બચાણી	૪
૭૯	શ્રી કાસમભાઈ બાપુ લીંબડીયા	૧૪
૮૦	શ્રી શંકરજી કાળાજી ઠાકોર	૧૪
૮૧	શ્રી કરશનજી મગનજી ઠાકોર	૧૪
૮૨	શ્રી હરિભાઈ ખુશાલભાઈ પરમાર	૧૪
૮૩	શ્રીમતી રૂપકુંવરબા ભા. ઝાલા	૧૪
૮૪	શ્રી ઈશ્વરસિંહ શીવાજી ચાવડા	૧૪
૮૫	ડો. અમરતભાઈ કાળીદાસ પટેલ	૮
૮૬	શ્રી ગંગારામભાઈ ભાઈચંદદાસ પટેલ	૧૪

૧	૨	૩
૮૭	શ્રી મોહનભાઈ નાગુભાઈ દેસાઈ	૧૪
૮૮	શ્રી કાનજીભાઈ લલ્લુભાઈ પટેલ	૧૪
૮૯	શ્રી શરીફભાઈ વલીભાઈ બટી	૧૪
૯૦	શ્રી કેશાજી શંકરજી ઠાકોર	૧૪
૯૧	શ્રી ડાહ્યાભાઈ પીતાંબરદાસ પટેલ	૧૪
૯૨	શ્રી અરવિંદભાઈ ત્રિભોવનદાસ પટેલ	૧૩
૯૩	શ્રી વીરાજી નવાજી ઠાકોર	૧૩
૯૪	શ્રી ખોડીદાન ભીમજી ઝુલા	મા. મંત્રીશ્રી
૯૫	શ્રી હેમાભાઈ દરધાભાઈ પરમાર	૧૪
૯૬	શ્રી કાળુભાઈ વિરાભાઈ તરક	૧૪
૯૭	શ્રી શાંતિલાલ છોટાલાલ ધાણધારા ...	૧૨
૯૮	શ્રી મોહનભાઈ વીસાભાઈ દેસાઈ.	૧૧
૯૯	શ્રી જોઈતાભાઈ કસનાભાઈ પટેલ	૧૨
૧૦૦	શ્રી અમૃતલાલ કાળીદાસ પટેલ	૧૧
૧૦૧	શ્રી દોલતભાઈ ચેલારામ પરમાર	૧૩
૧૦૨	શ્રી હરિસિંહ પ્રતાપસિંહ ચાવડા	૧૪
૧૦૩	શ્રી જગદીશચંદ્રજી દોલજીભાઈ ડામોર ...	૧૪
૧૦૪	શ્રી લલીતભાઈ કે. પરમાર	મા. મંત્રીશ્રી

૧	૨	૩
૧૦૫	શ્રી મનુભાઈ અંબાશંકર ત્રિવેદી.	૧૪
૧૦૬	શ્રી નાથાભાઈ દેવજીભાઈ પટેલ	૧૪
૧૦૭	શ્રી મગનભાઈ મણીભાઈ પટેલ	૦
૧૦૮	શ્રી અંબાલાલ જયશંકર ઉપાધ્યાય	૮
૧૦૯	શ્રી રામસિંહ રૂપસિંહ સોલંકી	૬
૧૧૦	શ્રી ગુણવંતલાલ મણીલાલ પંડયા	૧૪
૧૧૧	શ્રી જીવાભાઈ મોતીભાઈ ડામોર	૧૪
૧૧૨	શ્રી વીરજીભાઈ લીંબાભાઈ મુનીયા	૧૪
૧૧૩	શ્રી માલસિંહ ફતાભાઈ ડામોર	૧૪
૧૧૪	શ્રી લલીતકુમાર ભગવાનદાસ પટેલ	મા. મંત્રીશ્રી
૧૧૫	શ્રી વીરસિંહ ભુલાભાઈ પસાયા	૧૩
૧૧૬	શ્રી રમણભાઈ પટેલ	૧૪
૧૧૭	શ્રી શાંતિલાલ પરસોત્તમભાઈ પટેલ	૧૪
૧૧૮	શ્રી ઉદેસિંહ મોહનભાઈ બારીયા ...	૧૪
૧૧૯	શ્રી પ્રભાતસિંહ પ્રતાપસિંહ ચૌહાણ. ...	૧૪
૧૨૦	શ્રી અબ્દુલરહીમ ઈસ્માઈલ ખાલપા ...	૧૪
૧૨૧	શ્રી પર્વતસિંહ ધમીરસિંહ પરમાર	૧૩
૧૨૨	શ્રી ધિરેન્દ્રસિંહજી વિરભદ્રસિંહજી સોલંકી	૧૪

૧	૨		૩
૧૨૩	શ્રી બદિયાભાઈ પુળજીભાઈ ગોંદિયા	...	૧૪
૧૨૪	શ્રી છત્રસિંહ અમરસિંહજી સોલંકી ...	...	૧૪
૧૨૫	શ્રી ગુધાજી જીતાજી ચૌહાણ	...	૧૩
૧૨૬	શ્રી યાસિનમીંયા ગુસુફમીંયા મલેક	...	૧૦
૧૨૭	શ્રી હરિહરભાઈ ઉમિયાશંકર ખંભોળજા	...	મા. મંત્રીશ્રી
૧૨૮	શ્રી મગનભાઈ ગોકળભાઈ ઝાલા	...	૧૩
૧૨૯	શ્રી ખંસીલાલ બાપાલાલ પંડ્યા	...	૧૪
૧૩૦	શ્રી બલવંતસિંહ સુધનસિંહ સોઢા	...	૧૩
૧૩૧	શ્રી દિનશા ઝવેરભાઈ પટેલ	...	૦
૧૩૨	શ્રી અમરસિંહજી ભૂપતસિંહજી વાઘેલા	...	૧૪
૧૩૩	શ્રી રણછોડભાઈ શનાભાઈ સોલંકી	...	૧૪
૧૩૪	શ્રી ગોવિંદભાઈ જેસંગભાઈ પટેલ	...	૧૪
૧૩૫	શ્રી ગોવિંદભાઈ શંકરભાઈ ચૌહાણ.	...	૧૪
૧૩૬	શ્રીમતી શાન્તાબેન યોગેન્દ્રકુમાર મકવાણા	...	૧૩
૧૩૭	શ્રી પરસોત્તમભાઈ ચતુરભાઈ પટેલ ...	...	૧૪

૧	૨	૩
૧૩૮	શ્રી ઉમેદભાઈ ફત્તેસિંહ ગોહેલ ...	૧૪
૧૩૯	શ્રી માધવસિંહ ફુલસિંહ સોલંકી	મા. મુખ્ય મંત્રીશ્રી
૧૪૦	શ્રી વિજયસિંહજી લઘુભા ચુડાસમા	૧૩
૧૪૧	શ્રી કરશનભાઈ બોડાભાઈ રાઠવા	૧૪
૧૪૨	શ્રી મોહનસિંહ છોટુભાઈ રાઠવા	૧૪
૧૪૩	શ્રી મેઘાભાઈ જગાભાઈ ભીલ	૧૪
૧૪૪	શ્રી ભઈજીભાઈ ભાણાભાઈ તડવી	૧૪
૧૪૫	શ્રી ઉમાકાંત રતનલાલ જોશી	૧૨
૧૪૬	શ્રી પ્રભાતસિંહ જોરસિંહ પરમાર	૧૪
૧૪૭	શ્રી મકરન્દભાઈ બળવંતરાય દેસાઈ ...	૧
૧૪૮	ડો. શિરિષકુમાર મનુભાઈ પુરોહિત	૧૪
૧૪૯	શ્રી ચન્દ્રકાન્ત નંદલાલ પટેલ	મા. મંત્રીશ્રી.
૧૫૦	શ્રી સનતકુમાર મગનલાલ મહેતા	મા. મંત્રીશ્રી
૧૫૧	શ્રી મહેન્દ્રસિંહ તખતસિંહ ચૌહાણ	૧૪
૧૫૨	શ્રી જીતુભાઈ સોમાભાઈ પરમાર	૧૪
૧૫૩	શ્રી હરગોવિંદદાસ ખુશાલદાસ નાગર ...	૧૪
૧૫૪	શ્રી મગનભાઈ ભુખણભાઈ સોલંકી	મા. મંત્રીશ્રી
૧૫૫	શ્રી પ્રભાતસિંહ બાવાભાઈ મકવાણા	૪૧

૧	૨	૩
૧૫૬	શ્રી મહંમદભાઈ હાફેજી ઈસ્માઈલ પટેલ ...	૧૨
૧૫૭	શ્રી નાથુભાઈ નરોત્તમભાઈ પટેલ	૧૪
૧૫૮	શ્રી રેવાદાસ લીમજીભાઈ વસાવા	૧૩
૧૫૯	શ્રી રામજીભાઈ હીરાભાઈ વસાવા	૧૪
૧૬૦	શ્રી પ્રેમસીંગ દેવજીભાઈ વસાવા	૧૩
૧૬૧	શ્રી ગોવિંદભાઈ બારકીયાભાઈ વસાવા ...	૯
૧૬૨	શ્રી જેસીંગભાઈ ડી. વસાવા	૧૪
૧૬૩	શ્રી વસનજીભાઈ ગનજીભાઈ ગામીત	૧૪
૧૬૪	શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી	મા. મંત્રીશ્રી
૧૬૫	શ્રી ધનજીભાઈ કરશનભાઈ ઢોડિયા	૧૩
૧૬૬	શ્રી જીતુભાઈ છીતુભાઈ હળપતિ	૧૪
૧૬૭	શ્રી નારણભાઈ વનમાળીભાઈ રાઠોડ ...	૧૪
૧૬૮	શ્રી બાલુભાઈ દેવાભાઈ પટેલ	૧૦
૧૬૯	શ્રી કૃષ્ણવદન ધનસુખલાલ પચ્ચીગર ...	૧૪
૧૭૦	શ્રી જશવંતસિંહ દાનસિંહ ચૌહાણ	૧૩
૧૭૧	શ્રી મોહંમદભાઈ સુરતી	મા. મંત્રીશ્રી
૧૭૨	શ્રીમતી ઉષાબેન બાબુભાઈ પટેલ	૧૩
૧૭૩	શ્રી વસંતભાઈ પરભુભાઈ પટેલ	૧૪

૧	૨	૩
૧૭૪	શ્રી મોહનભાઈ રણછોડભાઈ તળાવીયા ...	૧૪
૧૭૫	શ્રી દીનકર ભીખુભાઈ દેસાઈ	૧૪
૧૭૬	શ્રી કાનજીભાઈ મગનભાઈ પટેલ	૧૪
૧૭૭	શ્રી ગોવિંદભાઈ માહુજીયાભાઈ પટેલ ...	૧૪
૧૭૮	શ્રી દોલતભાઈ નાથુભાઈ દેસાઈ	૧૪
૧૭૯	શ્રી ઇશ્વરભાઈ રવજીભાઈ પટેલ	૩
૧૮૦	શ્રી બરજુલભાઈ નવલાભાઈ પટેલ ...	૧૪
૧૮૧	શ્રી રમણભાઈ દેવાભાઈ પટેલ	૧૪
૧૮૨	શ્રી છોટુભાઈ વેસ્તાભાઈ પટેલ	૧૪

પત્રક ક્રમાંક–૪

(જુઓ ફકરા ક્રમાંક-૩)

સભ્યોની તારીખવાર હાજરી દર્શાવતું પત્રક (મા. અધ્યક્ષશ્રી, મા. મંત્રીશ્રીઓ તથા મા. વિરોધપક્ષના નેતાશ્રી સિવાય)

ક્રમાંક ૧	તારીખ ૨	હાજરી ૩	ગેરહાજરી ૪	કુલ ૫
૧	૮-૭-૮૨	૧૧૧	૮	૧૧૯
૨.	૯-૭-૮૨	૧૧૩	૬	૧૧૯
૩	૧૨-૭-૮૨	૧૧૬	૩	૧૧૯
૪.	૧૩-૭-૮૨	૧૪૭	૧૨	૧૧૯
૫	૧૪-૭-૮૨	૧૪૧	૧૮	૧૧૯
૬.	૧૫-૭-૮૨ (પહેલી બેઠક)	૧૩૭	૨૨	૧૧૯
૭.	૧૫-૭-૮૨ (બીજી બેઠક)	૧૩૮	૨૧	૧૧૯
૮.	૧૬-૭-૮૨	૧૪૬	૧૩	૧૧૯
૯.	૧૯-૭-૮૨	૧૪૨	૧૭	૧૧૯
૧૦.	૨૦-૭-૮૨ (પહેલી બેઠક)	૧૩૫	૨૪	૧૧૯
૧૧.	૨૦-૭-૮૨ (બીજી બેઠક)	૧૩૪	૨૫	૧૧૯
૧૨.	૨૧-૭-૮૨	૧૪૪	૧૫	૧૧૯
૧૩.	૨૨-૭-૮૨	૧૪૪	૧૫	૧૧૯
૧૪.	૨૬-૭-૮૨	૧૪૬	૧૩	૧૧૯

પત્રક ક્રમાંક –૫

ટૂંકી મુદતના તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોનો નિકાલ

પત્રક ક્રમાંક

(જુઓ ફકરા

ટૂંકી મુદતના તારાંકિત અને અતારાંકિત

પ્રશ્નનો પ્રકાર	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	દાખલ ન કર્યા	તારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા	તારાંકિતમાંથી અતારાંકિત તરીકે દાખલ કર્યા
૧	૨	૩	૪	૫	૬
ટૂંકી મુદત	૩૧	૪	૨૬	૧	—
તારાંકિત	૧૩૩૮	૫૬૪	૭૩૩	—	૪૧
અતારાંકિત	૭૯૪	૨૪૫	૫૪૯	—	૪૧

—૫

ક્રમાંક—૪)

પ્રશ્નોનો નિકાલ (આંકડામાં)

સભ્યશ્રીએ પ્રશ્નો પાછા ખેંચી લીધા	પાંચમા સત્ર દરમિયાન જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો	ગૃહમાં જવાબ આપ્યા	નિયમ ૮૭ અ અન્વયે સભાગૃહ-ના મેજ ઉપર મૂકયા	સત્ર સમાપ્તિના દિવસે જવાબ ન આવવાથી ગૃહમાં રજૂ ન થઈ શકેલા અતારાંકિત પ્રશ્નો
૭	૮	૯	૧૦	૧૧
—	—	૪	—	—
—	—	૫૬૪	—	—
૨	૨૧૨	૩૦૦	૨૩૫	૭૮

(જુઓ ફકરા ક્રમાંક.-૪)

ટૂંકી મુદતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત પ્રશ્ન તરીકે દાખલ કર્યા	દાખલ ન કર્યા	મંત્રીશ્રી સંમત	મંત્રીશ્રી અસંમત	ગૃહમાં રજૂ થયા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧.	સામાન્ય વહીવટ	—	—	—	—	—	—	—
૨.	નાણાં	—	—	—	—	—	—	—
૩.	કાયદા	—	—	—	—	—	—	—
૪.	સિંચાઈ	૧	—	—	૧	—	—	—
૫.	મહેસૂલ	—	—	—	—	—	—	—
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૧	—	—	૧	—	—	—
૭.	શિક્ષણ	૭	૨	=	૫	૨	—	૨

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૮.	ગૃહ	૭	—	૧	૬	—	—	—
૯.	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૪	—	—	૪	—	—	—
૧૦.	કૃષિ અને વન	૧	—	—	૧	—	—	—
૧૧.	અન્ન અને નાગરિક પુરવઠા	૨	૧	—	૧	૧	—	૧
૧૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૬	૧	—	૫	૧	—	૧
૧૩.	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	—	—	—	—	—	—	—
૧૪.	મકાનો અને માર્ગવ્યવહાર	૨	—	—	૨	—	—	—
૧૫.	શ્રમ અને રોજગાર	—	—	—	—	—	—	—
૧૬.	બંદરો અને મત્સ્યોદ્યોગ	—	—	—	—	—	—	—
૧૭.	સહકાર.	—	—	—	—	—	—	—
	કુલ...	૩૧	૪	૧	૨૬	૪	—	૪

(જુઓ ફકરા ક્રમાંક—૪)

તારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	તારાંકિત તરીકે દાખલ કર્યા.	તારાંકિતમાંથી અ. તા. તરીકે દાખલ કર્યા.	દાખલ ન કર્યા.	ગૃહમાં જવાબ આપ્યા
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સામાન્ય વહીવટ	૫૪	૨૩	૫	૨૬	૨૩
૨.	નાણાં	૬૩	૩૫	૧	૨૭	૩૫
૩.	કાયદા	૧૧	૫	૨	૪	૫
૪.	સિંચાઈ	૧૧૮	૩૮	—	૮૦	૩૮
૫.	મહેસૂલ	૮૯	૩૫	૮	૪૬	૩૫
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૧૨૪	૪૪	૨	૭૮	૪૪
૭.	શિક્ષણ	૯૫	૪૪	૧	૫૦	૪૪
૮.	ગૃહ	૧૫૪	૬૨	૮	૮૪	૬૨

૧	૨	૩	૪	૫	૬	૭
૯.	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૧૩૦	૫૧	૧	૭૮	૫૧
૧૦.	કૃષિ અને વન	૯૭	૫૨	૪	૪૧	૫૨
૧૧.	અન્ન અને નાગરિક પુરવઠા	૬૪	૩૨	૩	૨૯	૩૨
૧૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૯૮	૪૮	૧	૪૯	૪૮
૧૩.	સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ	૭૩	૩૩	૨	૩૮	૩૩
૧૪.	મકાનો અને માર્ગ વ્યવહાર	૧૦૧	૩૯	૨	૬૦	૩૯
૧૫.	શ્રમ અને રોજગાર	૩૬	૧૨	૧	૨૩	૧૨
૧૬.	બંદરો અને મત્સ્યોદ્યોગ	૧૬	૭	—	૯	૭
૧૭.	સહકાર	૧૫	૪	—	૧૧	૪
	કુલ...	૧૩૩૮	૫૬૪	૪૧	૭૩૩	૫૬૪

પત્રક ક્રમાંક—૮

(જુઓ ફકરા ક્રમાંક—૪)

અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં)

અ. નં.	વિભાગનું નામ	મળેલ સૂચનાઓ	દાખલ કર્યા	તારાંકિત-માંથી અતારાંકિત કર્યા.	અગાઉના સત્ર દરમ્યાન દાખલકરેલ પરંતુ ગયા સત્રમાં જવાબ ન મળવાથી રજૂ ન થયેલ	દાખલ ન કરેલા	ગૃહમાં જવાબ આપ્યા	સભ્યશ્રી-એ પ્રશ્નો પાછા ખેંચી લીધા	નિયમ ૮૭અ. અન્વયે મેજ ઉપર મૂકયા	સત્ર સમાપ્તિના દિવસે બાકી જવાબોની સંખ્યા
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૧.	સામાન્ય વહીવટ	૩૭	૧૦	૫	—	૨૭	૯	—	૭	૫
૨.	નાણાં	૨૦	૮	૧	—	૧૨	૫	—	૨	૨
૩.	કાયદા	૯	૫	૨	૧૪	૪	૯	—	૯	૨
૪.	સિંચાઈ	૬૧	૧૫	—	—	૪૬	૧૦	—	૧૮	૨
૫.	મહેસૂલ	૭૧	૨૪	૮	૨૭	૪૭	૩૪	૨	૨૩	૧૨
૬.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	૭૭	૨૩	૨	૨૫	૫૪	૨૦	—	૨૨	૬

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
૭.	શિક્ષણ	૩૫	૭	૧	૧૨	૨૮	૧૬	—	૯	૨
૮.	ગૃહ	૧૧૪	૩૧	૮	૧૦	૮૩	૫૦	—	૨૫	૮
૯.	ઉદ્યોગ, ખાણ અને વીજળી	૬૪	૧૮	૧	૧૫	૪૬	૧૧	—	૧૩	૧૦
૧૦.	કૃષિ અને વન	૭૫	૩૯	૪	૫૪	૩૬	૪૨	—	૩૮	૧૭
૧૧.	અન્ન અને નાગરિક પુરવઠા	૩૯	૧૧	૩	૧૫	૨૮	૨૮	—	૭	૩
૧૨.	આરોગ્ય અને પરિવાર કલ્યાણ	૭૨	૧૭	૧	—	૧૫	૧૮	—	૨૪	૧
૧૩.	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	૩૪	૧૪	૨	૧૩	૨૦	૧૦	—	૧૫	૩
૧૪.	મકાનો અને માર્ગવ્યવહાર	૭૩	૨૦	૨	૧૮	૫૩	૧૯	—	૨૦	૪
૧૫.	શ્રમ અને રોજગાર	૮	૩	૧	૯	૫	૧૨	—	૧	૧
૧૬.	બંદરો અને મત્સ્યોદ્યોગ	૧	—	—	—	૧	૩	—	—	—
૧૭.	સહકાર	૪	—	—	—	૪	૪	—	૨	—
	કુલ :	૭૯૪	૨૪૫	૪૧	૨૧૨	૫૪૯	૩૦૦	૨	૨૩૫	૭૮

પત્રક ક્રમાંક—૯

(જુઓ ફકરા ક્રમાંક—૭)

દાખલ કરવાનાં સરકારી વિધેયકો.

અ. નં.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી	દાખલ તારીખ	વિધેયકનો ક્રમાંક અને ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સન ૧૯૮૨નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા)વિધેયક	મકાન અને માર્ગવ્યવહાર	માનનીય મકાન અને માર્ગ વ્યવહાર મંત્રીશ્રી ખોડીદાન ઝુલા	૧૪--૭--૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:—૧૨ તા.૩-૨-૮૨	—
૨.	સન ૧૯૮૨નું ગુજરાતઆયુર્વેદ યુનિવર્સિટી (સુધારા)વિધેયક	આરોગ્ય અને કુટુંબ કલ્યાણ	માન. આરોગ્યમંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજા	૧૪-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:૬૮ તા. ૫--૭--૮૨	
૩.	સન ૧૯૮૨નું ગુજરાત સહકારીમંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વિધેયક.	સહકાર	માન. મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી	૨૦-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:૬૯ તા. ૮--૭--૮૨	—

૧	૨	૩	૪	૫	૬	૭
૪.	સન ૧૯૮૨નું ગુજરાતપંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	માન.પંચાયત મંત્રીશ્રી ત્રંબકલાલ દવે.	—	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૦ તા. ૮--૭--૮૨	સમયના અભાવે આ વિધેયક દાખલ કરવામાં આવ્યું નહિ.
૫.	સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક.	સિંચાઈ	માન.સિંચાઈમંત્રીશ્રી અમરસિંહ ચૌધરી	—	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:૭૧. તા. ૮--૭--૮૨	— ,, —
૬.	સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (દ્વિતિય સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	માન. પંચાયતમંત્રીશ્રી શ્રી ત્રંબકલાલ દવે	—	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:૭૮ તા. ૧૭--૭--૮૨	— ,, —
૭.	સન ૧૯૮૨નું મુંબઈ ગણોત વહિવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસૂલ	માન. નાયબ મહેસૂલ મંત્રીશ્રી એમ.કે.જલોચ	તા.૨૨-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૯ તા. ૨૨--૭--૮૨	—

પત્રક ક્રમાંક –૧૦

પહેલા બીજા અને ત્રીજા વાંચન માટેનાં સરકારી વિધેયકો

પત્રક

(જુઓ ફકરા

પહેલા, બીજા અને ત્રીજા વાંચન

અ.નં	વિધેયકનો નંબર અને ટૂંકી સંજ્ઞા	ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખ	સરકારી વિભાગ	પ્રભારી મંત્રીશ્રી	દાખલ થયાની તારીખ
૧	૨	૩	૪	૫	૬
૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૨ સન ૧૯૮૨નું મુંબઈ, ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.	૩-૨-૮૨	મકાન અને માર્ગવ્યવહાર.	માન. મકાન અને માર્ગવ્યવહાર મંત્રીશ્રી ખોડીદાન ઝુલા	૧૪-૭-૮૨
૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૧ સન ૧૯૮૨નું ગુજરાત રાજમાર્ગ વિધેયક.	૧૨-૩-૮૨	”	માન. મકાન અને માર્ગવ્યવહાર મંત્રીશ્રી ખોડીદાન ઝુલા	૧૨-૩-૮૨
૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૨ સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક.	૧૨-૩-૮૨	સિંચાઈ	માન. સિંચાઈ મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી	૧૨-૩-૮૨
૪.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૬ સન ૧૯૮૨નું મુંબઈ ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ કરવા બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.	૨૩-૩-૮૨	મહેસૂલ	માન. નાયબ મહેસૂલ મંત્રીશ્રી મહંમદ હુસેન બલોચ	૨૩-૩-૮૨
૫.	નસ ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૮ સન ૧૯૮૨નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.	૫-૭-૮૨	આરોગ્ય અને કુટુંબકલ્યાણ	માન. આરોગ્ય મંત્રીશ્રી, મનોહરસિંહજી જાડેજા.	૧૪-૭-૮૨

ક્રમાંક—૧૦

ક્રમાંક—૮)

માટેનાં સરકારી વિધેયકો.

પહેલાં વાંચનની તારીખ	બીજા વાંચનની તારીખ	ત્રીજા વાંચનની તારીખ	સુધારા			શેરો
			જેની સૂચના મળી	જે રજુ કરવામાં આવ્યા	જે પસાર કરવામાં આવ્યા	
૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૧૪-૭-૮૨	—	—	—	—	—	સભાગૃહની પરવાનગીથી વિધેયક ઉપરની પહેલાં વાંચનની ચર્ચા મુલતવી રહી હતી.
૧૫-૭-૮૨ ૧૯-૭-૮૨ ૨૦-૭-૮૨	—	—	—	—	—	આ વિધેયક પ્રવર સમિતિને સોંપવામાં આવ્યું હતું.
૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	૬	૧	—	—
૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	૨	૨	—	—
૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	૧૪-૭-૮૨	—	—	—	—

૧	૨	૩	૪	૫	૬
૬.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૯ સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વિધેયક.	૮-૭-૮૨	સહકાર.	માન. મુખ્ય મંત્રીશ્રી, માધવસિંહ સોલંકી	૨૦-૭-૮૨
૭.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૦ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.	૮-૭-૮૨	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ.	માન. પંચાયત મંત્રીશ્રી, ત્રંબકલાલ દવે.	—
૮.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૧ સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત દ્વિતીય સુધારા) વિધેયક.	૮-૭-૮૨	સિંચાઈ	માન. સિંચાઈ મંત્રીશ્રી, અમરસિંહ ચૌધરી.	—
૯.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૮ સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (દ્વિતીય સુધારા) વિધેયક.	૧૭-૭-૮૨	પંચાયત, ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ.	માન. પંચાયત મંત્રીશ્રી, ત્રંબકલાલ દવે.	—

૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩
૨૦-૭-૮૨ ૨૧-૭-૮૨ ૨૨-૭-૮૨ ૨૯-૭-૮૨	૨૯-૭-૮૨	૨૬-૭-૮૨	૧૦૮	૫	૩	—
—	—	—	—	—	—	સમયના અભાવે આ વિધેયક હાથ ધરી શકાયું નહિ.
—	—	—	—	—	—	સમયના અભાવે આ વિધેયક હાથ ધરી શકાયું નહિ.
—	—	—	—	—	—	સમયના અભાવે આ વિધેયક હાથ ધરી શકાયું નહિ.

પત્રક ક્રમાંક ૧૧

(જુઓ ફકરા ક્રમાંક--૧૪)

વૈધાનિક પ્રસ્તાવો (નિયમ-૧૦૦)

મળેલ સૂચનાઓની સંખ્યા	અગાઉના બાકી રહેલા પ્રસ્તાવો	નામંજૂર કુલ સૂચનાઓમાં કરેલ દાખલ કે પાછી ખેંચી લીધેલ સંખ્યા વિગેરે		દાખલ કરેલ સૂચનાઓનો વિષય ટૂંકમાં	સૂચના આપનાર મંત્રીશ્રી/ સભ્યશ્રીનું નામ	ચર્ચાયા તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૧૧		૧૨		૧. સને ૧૯૪૮ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ નિયમોને સુધારતી મકાનો અને માર્ગ વ્યવહાર વિભાગની તા. ૩જી ફેબ્રુઆરી'૮૧ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જે/૫/૮૧/બીઆરએ-૧૦૭૫-૩૯૪૯-એન(૧)ને સુધારવા બાબતનો પ્રસ્તાવ. સને ૧૯૬૯ના ગુજરાત વેચાણવેરા અધિનિયમ અન્વયે નાણા વિભાગની તા-૨૯-૪-૭૦ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૬૨૭)જીએસટી-૧૦૭૦/ (એસ-૪૯)ય ને સુધારતી:-	શ્રી જશવંતસિંહ ચૌહાણ	૧૪-૭-૮૨	સભાગૃહની પરવાનગીથી પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો	...

૨. તા-૩૧-૧-૮૧ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૭)જીએસટી/૧૦૮૧/ (એસ-૪૯)-(૯૫)થ ને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	
૩. તા-૪-૨-૮૧ની અધિસૂચના ક્રમાંક (જીએચએન-૯) જીએસટી-૧૦૮૧/ (એસ-૪૯)થ ને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	
૪. તા-૧૮-૨-૮૧ની અધિસૂચના ક્રમાંક: (જીએચએન-૧૫)જીએસટી/૧૦૮૧ (એસ-૪૯) (૯૮)થ ને રદ કરતો પ્રસ્તાવ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	
૫. સન ૧૯૫૮ના મુંબઈ મોટર વાહન કર અધિનિયમ અન્વયે ગૃહ વિભાગ-ની તા-૩૧-૧-૮૧ની અધિસૂચના ક્રમાંક:જીએચ/જી/૮૧/૪૦/એમટીએ/ ૭૮૦/૧૯૭૪-ઈ-૨-ને સુધારવા બાબતનો પ્રસ્તાવ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...	...	
૬. સન ૧૯૫૯ના મુંબઈ મોટર વાહન નિયમો સુધરતી તા-૨૦-૧-૮૨ની અધિસૂચના ક્રમાંક-જી/જી/૮૧/૩૯૭/ એમવીએ/૭૫૬૬-૩૯૨૮૦-ઈ-૨-ને સુધારવા બાબતનો પ્રસ્તાવ	શ્રી શશીકાન્ત લાખાણી	૧૩-૭-૮૨	સભાગૃહની પરવાનગીથી પ્રસ્તાવ પાછો ખેંચી લેવામાં આવ્યો.	...

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
				૭. સન ૧૯૬૪ના ગુજરાત પંચાયત (કારખાનાઓ દ્વારા કરવેરાને બદલે ઉચક રકમની ચૂકવણી) નિયમોને સુધારતી ૬-૧૧-૮૧ની અધિસૂચના ક્રમાંક-કેપી/૧૯૬/પીઆરઆર-૩૮(૩) ૮૧/જેએચને સુધારવા બાબતનો પ્રસ્તાવ.	શ્રી શશીકાન્ત લાખાણી	...	...
				૮, ગૃહ વિભાગની તા-૨૮-૩-૮૦ ની અધિસૂચના ક્રમાંક-જીએચ/જી/ ૮૦/૪૫/એમવીએ/૨૩૭૫/જીઓઆઈ ૧૬૦/ઈ-૨ને સુધારતી તા-૧૦-૯-૮૧ ની અધિસૂચના ક્રમાંક:જીએચ/જી/૮૧/ ૩૭૨/એમવીએ/૨૩૭૫/જીઓઆઈ/ ૧૬૦-ઈ-૨ને રદ કરતો પ્રસ્તાવ	શ્રી શશીકાન્ત લાખાણી	...	...
				૯. નાણા વિભાગની તા-૨૯-૪-૭૦ની અધિસૂચના ક્રમાંક:(જીએચએન-૬૨૭) જીએસટી-૧૦૭૦-(એસ-૪૯)થ ને સુધારતી તા-૧-૧૨-૮૧ની અધિ- સૂચના ક્રમાંક-(જીએચએન-૭૯) જીએસટી-૧૦૮૧/(એસ-૪૯)(૧૧૪)થ ને સુધારતો પ્રસ્તાવ.	શ્રી શશીકાન્ત લાખાણી	...	...

૧૦. ગુજરાત મિથાઈલ આલ્કોહોલ નિયમો, ૧૯૮૧ને ઘડતી સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા-૧૫-૧૦-૮૧ની અધિસૂચના ક્રમાંક-જીએચ/એલ/૪૨/વીએનએલ-૧૦૭૮/૩૭૧૩૪/૮૧૨/એમ ને સુધારતો પ્રસ્તાવ. — શ્રી શશીકાન્ત લાખાણી ... ...

૧૧. સન ૧૯૭૩ના મનોરંજન કર અધિનિયમ હેઠળ મનોરંજન વેરામાંથી મુકિત આપતી નાણા વિભાગની તા-૭-૧-૮૨ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન-૩)એમએનઆર-૧૩૮૧-૩૬૦૪-(એસ-૨૯)થ-૧ને રદ કરતો પ્રસ્તાવ. — શ્રી શશીકાન્ત લાખાણી ... ...

૧૨. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં વૃક્ષો કાપવા ઉપર નિયમન મૂકીને દેશની વનસંપત્તિનો નાશ થતો અટકાવવા સંસદે કાયદો કરવા બાબતનો ઠરાવ મૂકવાની કલમ ૨૫૨(૧) અન્વયે પ્રસ્તાવ. — વન મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી ... ...

પત્રક ક્રમાંક—૧૨

(જુઓ ફકરા ક્રમાંક—૧૫).

વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ--૯૩)

અનુક્રમ નંબર	પ્રસ્તાવની સૂચના આપનાર મંત્રીશ્રી	પ્રસ્તાવનો વિષય	ચર્ચાયાની તારીખ	શેરો.
૧	૨	૩	૪	૫
૧.	માનનીય રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રીશ્રી, શ્રી મહંમદ સુરતી.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક વહિવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે.	૮-૭-૮૨ ૯-૭-૮૨	—
૨.	માનનીય મુખ્ય મંત્રીશ્રી, શ્રી માધવસિંહ સોલંકી.	ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૧-૮૨નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજપત્ર) વિચારણામાં લેવામાં આવે.	૧૨-૭-૮૨ ૧૩-૭-૮૨	—
૩.	માનનીય મુખ્ય મંત્રીશ્રી, શ્રી માધવસિંહ સોલંકી.	ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૧૯૭૯-૮૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.	—	સમયના અભાવે ચર્ચા થઈ શકી નહી
૪.	માનનીય મુખ્ય મંત્રીશ્રી, શ્રી માધવસિંહ સોલંકી.	ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમનો સન ૧૯૭૯--૮૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.	૧૫-૭-૮૨	—

(જુઓ ફકરા ક્રમાંક--૧૬).

વટ હુકમો નામંજૂર કરતા પ્રસ્તાવો [નિયમ ૧૫૨/(૨)].

મળેલ સૂચના અંગેની સંખ્યા	નામંજૂર કરેલ કે પાછી ખેંચી લીધેલ વિગેરે સંખ્યા	દાખલ કરેલ સૂચનાની સંખ્યા	દાખલ કરેલ સૂચનાઓનો વિષય.	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચાયાની તારીખ	પરિણામ.	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧	—	૧	આ સભાગૃહ સને ૧૯૮૨ ના વટહુકમ ક્રમાંક ૧ સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વટહુકમ ના મંજુર કરે.	શ્રી અશોક ભટ્ટ શ્રી મનુભાઈ કોટડીયા.	૨૦-૭-૮૨ ૨૧-૭-૮૨ ૨૨-૭-૮૨ ૨૬-૭-૮૨	પ્રસ્તાવનો અસ્વીકાર કરવામાં આવ્યો.	

પત્રક ક્રમાંક—૧૪

(જુઓ ફકરા ક્રમાંક—૧૭).

ચર્ચા માટે દિવસ નક્કી ન થયો હોય તો પ્રસ્તાવો (નિયમ--૧૦૧).

મળેલી સૂચનાઓની સંખ્યા	દાખલ	નામંજૂર	પાછી ખેંચી	દાખલ થયેલી સૂચનાઓમાંથી પસંદ થયેલી સૂચનાઓનો વિષય	ફાળવેલ સમય	ચર્ચાની તારીખ	પરિણામ	શેરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૯	૨	૭	—	૧. રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની કથળેલી પરિસ્થિતિ અંગે વિચારણા કરવામાં આવે.	૧ દિવસ	૧૬-૭-૮૨	—	પ્રસ્તાવ પર ફક્ત ચર્ચા કરવામાં આવી.
				૨. તા. ૯-૭-૮૨ના રોજ નર્મદા યોજના અંગે સિંચાઈ મંત્રીશ્રીએ ગૃહમાં કરેલ નિવેદન વિચારણામાં લેવામાં આવે.	—	—	—	સમયના અભાવે ગૃહમાં ચર્ચા માટે હાથ ધરી શકાઈ ન હતી.

પત્રક ક્રમાંક—૧૫

(જુઓ ફકરા ક્રમાંક—૧૯).

ટૂંક સમયની ચર્ચા નિયમ—૧૧૨).

મળેલી સૂચનાની સંખ્યા.	ના મંજૂર કરેલી પાછી ખેંચી લીધેલ વગેરે	દાખલ કરેલી	દાખલ કરેલ સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચાની તારીખ અને ચર્ચા માટે આપવામાં આવેલ સમય
૧	૨	૩	૪	૫	૬
૯	૭	૨	૧. અનાવૃષ્ટિના કારણે આવશ્યક ચીજ-વસ્તુમાં ભાવવધારાથી ઊભી થયેલી પરિસ્થિતિ.	શ્રી અશોક ભટ્ટ	સમયના અભાવે સભાગૃહમાં ચર્ચા માટે લેવામાં આવી નહીં.
			૨. સુરતની સરકારી પોલિટેકનિકમાં વિદ્યાર્થીનીઓની જગ્યામાં ઘટાડો.	શ્રી રમણિકભાઈ ધામી.	,,

પત્રક ક્રમાંક—૧૬.

(જુઓ ફકરા ક્રમાંક—૨૭).

ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬).

મળેલી સૂચનાઓની સંખ્યા	દાખલ કરેલી સૂચનાઓ	દાખલ કરેલ સૂચનાનો વિષય (ટૂંકમાં)	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ.	બાબત પર ધ્યાન દોર્યા તારીખ.
૧	૨	૩	૪	૫
૭૨	૨૧ (૧૦ સૂચનાઓ એકત્રિત કરતાં).	૧. મોડાસા નજીકની માજુમ નદી પરના ડેમના બાંધકામમાં ભેખડ તૂટી પડતાં ઉભી થયેલી પરિસ્થિતિ	શ્રી અંબાલાલ ઉપાધ્યાય	૮-૭-૮૨
		૨. રાજ્યમાં વિદ્યુતની તંગી	શ્રી શશીકાન્ત લાખાણી	૯-૭-૮૨
		૩. રાજ્યમાં વરસાદ ખેંચાવાને કારણે ઘાસચારાની અછત અંગેની પરિસ્થિતિ હલ કરવા બાબત	શ્રી અંબાલાલ ઉપાધ્યાય (જશવંતસિંહ ચૌહાણ, શાંતિલાલ પટેલ અને બાબુભાઈ વાસણવાળા).	૧૨-૭-૮૨
		૪. સુરેન્દ્રનગર જિલ્લાના ચાચકા ડેમમાં પડેલ ગાબડા અંગે.	શ્રી બાબુભાઈ શાહ (કરમશીભાઈ મકવાણા).	૧૩-૭-૮૨
		૫. ભરૂચ જિલ્લામાં જંગલ વિસ્તારમાં લાકડાની ચોરી અંગે.	શ્રી કૃષ્ણવદન પરચીગર	૧૯-૭-૮૨

૬. સિવિલ હોસ્પિટલ, અમદાવાદની નર્સોના આંદોલન અંગે.	શ્રી રમણિકભાઈ ધામી. (ભાનુભાઈ વાઘેલા).	૨૦-૭-૮૨
૭. ગાંધીનગરની પ્રાથમિક શાળાઓમાં કથળેલું શિક્ષણ	શ્રી શાંતિલાલ પટેલ (બાબુભાઈ વાસણવાળા).	૨૧-૭-૮૨
૮. ગડખોલ ગામ નજીકના તળાવમાં ટેકનિકલ ખામી.	શ્રી મહંમદ પટેલ (શાંતિલાલ પટેલ, ધુળાભાઈ ગોહિલ અને ડાહ્યાભાઈ પટેલ)	૨૨-૭-૮૨
૯. ગુજરાત હાઈકોર્ટમાં પોલીસ અને ધારાશાસ્ત્રી વચ્ચે થયેલી અથડામણ.	શ્રી બાબુભાઈ વાસણવાળા (શાંતિલાલ પટેલ અને હરિસિંહ ચાવડા).	૨૬-૭-૮૨
૧૦. દક્ષિણ ગુજરાતની કોલેજોના કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ અંગે.	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર	૨૬-૭-૮૨

પત્રક ક્રમાંક—૧૭

(જુઓ ફકરા ક્રમાંક—૨૨)

દાખલ કરવાનાં બિન—સરકારી વિધેયકો.

અ. નં.	વિધેયકની ટૂંકી સંજ્ઞા	સરકારી વિભાગ	પ્રભારી સભ્યશ્રી	દાખલ થયા તારીખ	વિધેયકનો ક્રમાંક	વિધેયક ગેઝેટમાં પ્રસિદ્ધ થયા તારીખ
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી મહંમદહુસેન બારેજીયા	તા. ૮-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૨.	૯-૭-૮૨
૨.	સન ૧૯૮૨નું ગુજરાત નિર્વાહ ભથ્થું ચૂકવવા બાબત વિધેયક	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	૮-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૩	૯-૭-૮૨
૩.	સન ૧૯૮૨નું ગુજરાત કામદાર ઘરભાડાં—ભથ્થાં વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	૮-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૪.	૯-૭-૮૨
૪.	સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા કાયદા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી ભાનુભાઈ વાઘેલા	૮-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૫.	૯-૭-૮૨
૫.	સન ૧૯૮૨નું ગુજરાત વિધાન-સભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત વિધેયક	કાયદા	શ્રી કૃષ્ણવદન પચ્ચીઝર.	૮-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૬.	૯-૭-૮૨

૬. સન ૧૯૮૨નું ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોકસેવક તિરસ્કાર થતો અટકાવવા બાબત વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી શશીકાન્ત લાખાણી	૯-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૭૭.	૯-૭-૮૨
૭. સન ૧૯૮૨નું ગુજરાત સિનેમા કામદાર કલ્યાણ ફંડ વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી શશીકાન્ત લાખાણી.	તા. ૨૨-૭-૮૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૦.	તા. ૨૬-૭-૮૨
૮. સન ૧૯૮૨નું મુંબઈ મોટરવાહન વેરા (ગુજરાત સુધારા)વિધેયક.	ગૃહ	,,	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૧	તા. ૨૬-૭-૮૨
૯. સન ૧૯૮૨નું ગુજરાત બહુમાળી મકાનવેરા વિધેયક.	પંચાયત,ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૨	તા. ૨૬-૭-૮૨
૧૦. સન ૧૯૮૨નું મુંબઈ લોટરી (નિયંત્રણ અને વેરા) અને ઈનામી હરિફાઈ (વેરા) (ગુજરાતસુધારા) વિધેયક.	ગૃહ	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર.	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૩	તા. ૨૬-૭-૮૨
૧૧. સન ૧૯૮૨નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૪	તા. ૨૬-૭-૮૨
૧૨. સન ૧૯૮૨નું ગુજરાત વસ્તી નિમંત્રણ બોર્ડ વિધેયક.	આરોગ્ય અને કુટુંબ કલ્યાણ.	શ્રી શશીકાંત લાખાણી	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૫	તા. ૨૬-૭-૮૨
૧૩. સન ૧૯૮૨નું ગુજરાત: (અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદી જાતિઓ માટેની)જગાઓ અને એવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક	સામાન્ય વહીવટ	શ્રી કાનજીભાઈ એમ. પટેલ.	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક—૮૬	તા. ૨૬-૭-૮૨
૧૪. સન ૧૯૮૨નું ગુજરાત નગર-[illegible] (સુધારા) વિધેયક	પંચાયત,ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી શશીકાંત લાખાણી	,,	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક:—૮૭	તા. ૨૬-૭-૮૨

(જુઓ ફેકરા ક્રમાંક—૨૩)

પહેલા અને બીજા અને ત્રીજા વાંચન માટેનાં (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો.

અનુક્રમ	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	ખિાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ	વિધેયક અંગે પ્રસ્તાવો	ચર્ચાયાની તારીખ
૧	૨	૩	૪	૫	૬
૧.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૪ સન ૧૯૮૨નું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોરપોરેશન વિધેયક.	સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી મનુભાઈ પરમાર	વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.	૮--૭--૮૨
૨.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૩૨ સન ૧૯૮૨નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક.	શિક્ષણ	શ્રી અશોક ભટ્ટ	,,	૮--૭--૮૨
૩.	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૨૩ સન ૧૯૮૨નું ગુજરાત નગર-પાલિકા (સુધારા) વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	,,	વિધેયકના પહેલા વાંચનનાં પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું.	૮--૭--૮૨

૪. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૮ સન ૧૯૮૨નું ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા) નાબૂદી અને પુન :વિકાસ (સુધારા) વિધેયક.	"	શ્રી જશવંતસિંહ ચૌહાણ	વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું.	૨૨-૭-૮૨
૫. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૧૭ સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.	સહકાર	શ્રી કૃષ્ણવદન પરચીગર	"	"
૬. સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૪૬ સન ૧૯૮૨નું ગુજરાત હળપતિ ગૃહનિર્માણ કોરપોરેશન વિધેયક.	પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	"	"

પત્રક ક્રમાંક—૧૯.

(જુઓ ફકરા ક્રમાંક—૨૩)

પહેલાં બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેલાં બિન સરકારી વિધેયકો

અ. નં.	વિધેયકનો ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા	વિભાગનું નામ	પ્રભારી સભ્યશ્રીનું નામ	શેરો
૧	૨	૩	૪	૫
૧	સન ૧૯૮૦નું વિધેયક ક્રમાંક-૫૮-સન ૧૯૮૦નું ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય વિધેયક.	કાયદા	શ્રી શાંતિલાલ પી. પટેલ	...
૨	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૧૪ સન ૧૯૮૦નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક.	ખેતી, વન અને સહકાર	શ્રી કાનજીભાઈ એલ. પટેલ	...
૩	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૩૯ સન ૧૯૮૧નું મુંબઈ નશાબંધી (ગુજરાત સુધારા)વિધેયક	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ.	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૪	સન ૧૯૮૧નું વિધેયક ક્રમાંક-૪૦ સન ૧૯૮૧નું મુંબઈ ઔદ્યોગિક સંબંધ (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૫	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૬ સન ૧૯૮૨નું ગુજરાત મત્સ્યોદ્યોગ કોપેરિશન વિધેયક.	બંદર અને મત્સ્યોદ્યોગ	શ્રી શશીકાન્ત લાખાણી	...

૬	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૮ સન ૧૯૮૨નું ગુજરાત શહેરી વિસ્તારોમાં ઝાડુવાળાઓને રક્ષણ આપવા બાબત વિધેયક.	સમાજ કલ્યાણ અને આદિ-જાતિ વિકાસ	શ્રી ભાનુભાઈ વાઘેલા.	...
૭	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક૧૯ સન ૧૯૮૨નું ગુજરાત ગ્રામ વિસ્તારોમાં ભંગી કુટુંબોને પુનઃ વસવાટ કરવા માટેનું બાબતનું વિધેયક	સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ	શ્રી ભાનુભાઈ વાઘેલા	...
૮	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૦ સન ૧૯૮૨નું મુંબઈ કોર્ટ ફી (ગુજરાત સુધારા)વિધેયક	કાયદા	શ્રી શશીકાન્ત લાખાણી	...
૯	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૧ સન ૧૯૮૨નું ગુજરાતનું પક્ષાંતર બદલ સ્થાનિક સત્તા મંડળોના સભ્યોને ગેરલાયક ઠરાવવાની જોગવાઈ કરતું વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૧૦	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૨ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત (સુધારા) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૧૧	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૪ સન ૧૯૮૨નું ગુજરાત જાહેર ગ્રંથાલય વિધેયક.	શિક્ષણ	શ્રી અશોક ભટ્ટ	...
૧૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૫ સન ૧૯૮૨નું ઉત્તર ગુજરાત યુનિવર્સિટી વિધેયક.	શિક્ષણ	શ્રી ડાહ્યાભાઈ પી. પટેલ	...
૧૩	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૬ સન ૧૯૮૨નું ગુજરાત (પ્રદર્શન ગૃહોમાં) ધુમ્રપાન પ્રતિબંધ વિધેયક	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...

૧	૨	૩	૪	૫
૧૪	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૭ સન ૧૯૮૨નું ગુજરાત રાજભાષા વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૧૫	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૮ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૧૬	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૨૯ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભાના સભ્યોની અરકયામતોની જાહેરાત બાબતનું વિધેયક.	કાયદા	શ્રી અશોક ભટ્ટ	...
૧૭	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૦ સન ૧૯૮૨નું લાંચરૂશવત પ્રતિષેધ (ગુજરાત સુધારા) વિધેયક	ગૃહ	શ્રી અશોક ભટ્ટ	...
૧૮	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૧ સન ૧૯૮૨નું ગુજરાત લોકાયુકત અને ઉપલોકાયુકત વિધેયક.	ગૃહ	શ્રી અશોક ભટ્ટ	...
૧૯	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૩ સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૨૦	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૪ સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૨૧	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૫ સન ૧૯૮૨નું મુંબઈ નશાબંધી(ગુજરાત સુધારા)વિધેયક	સમાજ કલ્યાણ અને આદિ જાતિ વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...

૨૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૬ સન ૧૯૮૨નું ગુજરાત ખેત મજૂર વિધેયક	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૩	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૭ સન ૧૯૮૨નું ગુજરાત લઘુમતિ સંરક્ષણ વિધેયક	ગૃહ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૪	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૮ સન ૧૯૮૨નું ગુજરાત હળપતિ રક્ષણ દળ વિધેયક	ગૃહ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૫	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૩૯ સન ૧૯૮૨ મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા)વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૨૬	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૦ સન ૧૯૮૨નું ગુજરાત માધ્યમિક શિક્ષણ રાષ્ટ્રીયકરણ વિધેયક.	શિક્ષણ	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૨૭	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૧ સન ૧૯૮૨નું ગુજરાત મૈત્રીકરાર પ્રતિબંધ વિધેયક.	મહેસૂલ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૨૮	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૨ સન ૧૯૮૨નું ગુજરાત સ્ટેડિયમ સમિતિ વિધેયક.	શિક્ષણ	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૨૯	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૩-સન ૧૯૮૨નું મુંબઈ ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક.	મકાન અને માર્ગવ્યવહાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૩૦	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૭ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભા સભ્ય(ગેરલાયકાત નિવારણ) (સુધારા) વિધેયક.	કાયદા	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...

૧	૨	૩	૪	૫
૩૧	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૯ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૩૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૦ સન ૧૯૮૨નું મુંબઈ દુકાન અને સંસ્થા (ગુજરાત સુધારા) વિધેયક.	શ્રમ અને રોજગાર.	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૩૩	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૮ સન ૧૯૮૨નું ન્યૂનતમ વેતન(ગુજરાત સુધારા) વિધેયક.	,,	શ્રી અશોક ભટ્ટ	
૩૪	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૫૯ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી અશોક ભટ્ટ	...
૩૫	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૦ સન ૧૯૮૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત સુધારા) વિધેયક.	મહેસૂલ	શ્રી અશોક ભટ્ટ	
૩૬	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૧ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા (કાયદા) સુધારા વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી શાંતિલાલ પટેલ	...
૩૭	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૨ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભા ના સભ્યો અને અધ્યક્ષના મંત્રીઓ અને વિરોધપક્ષના નેતાના પગાર અને ભથ્થાને લગતા કાયદા(સુધારા) ગુજરાત વિધેયક	કાયદા	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...

૩૮	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૩ સન ૧૯૮૨નું ગુજરાત મહિલા રક્ષક દળ વિધેયક.	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૩૯	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૪ સન ૧૯૮૨નું ગુજરાત અગરિયા કલ્યાણ બોર્ડ વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૦	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૫ સન ૧૯૮૨નું ગુજરાત ખાણ મજૂરો મારફતે ખાણ અને ખનીજનો વિકાસ કરવા બાબત વિધેયક.	ઉદ્યોગ ખાણ અને વીજળી	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૧	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૨ સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોરપોરેશન (ગુજરાત સુધારા) વિધેયક.	પંચાયત ગૃહ નિર્માણ અને શહેરી વિકાસ	શ્રી મોહંમદહુસેન બારેજિયા	...
૪૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૭૩ સન ૧૯૮૨નું ગુજરાત નિર્વાહ ભથ્થું ચૂકવવા બાબત વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૪૩	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૪ સન ૧૯૮૨નું ગુજરાત કામદાર ઘર--ભાડાં ભથ્થાં વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...
૪૪	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૫ સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા કાયદા (સુધારા) વિધેયક.	પંચાયત અને ગૃહનિર્માણ શહેરી વિકાસ.	શ્રી ભાનુભાઈ વાઘેલા	...

૧	૨	૩	૪	૫
૪૫	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૬ સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો) બાબત વિધેયક.	કાયદા	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર.	...
૪૬	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૭૭ સન ૧૯૮૨નું ગુજરાત (રાજ્યસેવક દ્વારા) તિરસ્કાર થતો અટકાવવા બાબત વિધેયક.	સામાન્ય વહીવટ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૭	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૦ સન ૧૯૮૨નું ગુજરાત સિનેમા કામદાર કલ્યાણ ફંડ વિધેયક	શ્રમ અને રોજગાર	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૮	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૧ સન ૧૯૮૨નું મુંબઈ મોટર વાહનવેરા(ગુજરાત સુધારા)વિધેયક.	ગૃહ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૪૯	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૨ સન ૧૯૮૨નું બહુમાળી મકાન વેરા વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી જશવંતસિંહ ચૌહાણ	...
૫૦	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૩ સન ૧૯૮૨નું મુંબઈ લોટરી (નિયંત્રણ અને વેરા) અને ઈનામી હરીફાઈ (વેરા) (ગુજરાત સુધારા) વિધેયક.	ગૃહ	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર.	...
૫૧	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૪ સન ૧૯૮૨નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક.	શ્રમ અને રોજગાર	શ્રી જશવંતસિંહ ચૌહાણ.	...

૫૨	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૫ સન ૧૯૮૨નું ગુજરાત વસ્તી નિયંત્રણ બોર્ડ વિધેયક.	આરોગ્ય અને કુટુંબકલ્યાણ	શ્રી શશીકાન્ત લાખાણી	...
૫૩	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૬ સન ૧૯૮૨નું ગુજરાત(અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ માટેની) જગાઓ અને સેવાઓમાં ખાલી જગાઓ અનામત રાખવા બાબત વિધેયક	સામાન્ય વહીવટ	શ્રી કાનજીભાઈ મ. પટેલ	...
૫૪	સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૮૭ સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા(સુધારા) વિધેયક.	પંચાયત ગૃહનિર્માણ અને શહેરી વિકાસ	શ્રી શશીકાન્ત લાખાણી	...

પત્રક ક્રમાંક—૨૦.

(જુઓ ફકરા ક્રમાંક—૨૬)

બિન સરકારી સંકલ્પો (નિયમ—૧૧૭)

અનુ-ક્રમાંક	સૂચનાનો વિષય	સૂચના આપનાર સભ્યશ્રીનું નામ	ચર્ચા માટેની તારીખ	પરિણામ
૧	૨	૩	૪	૫
૧.	નર્મદા યોજનામાંથી કચ્છને ત્રણ કેનાલો દ્વારા પુરનું પાણી આપવા અંગે.	શ્રી મોહનલાલ શાહ	૧૫--૭--૮૨	ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.
૨.	રાજ્યમાં પછાત વિસ્તારોને સિંચાઈના પાણીની જરૂરિયાત માટે આયોજન કરી જરૂરી પગલાં લેવા અંગે.	શ્રી પ્રભાતસિંહ પરમાર	૧૫--૭--૮૨	ચર્ચાને અંતે સભાગૃહની પરવાનગીથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.
૩.	શહેરી વિસ્તારમાં આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે વસવાટો માટે જમીનની પ્રાપ્તિ અંગે.	શ્રી કૃષ્ણવદન પચ્ચીગર	૧૫--૭--૮૨	સંકલ્પનો અગ્રતાક્રમ ત્રીજો હોવાથી અને આગળના બન્ને સંકલ્પો ચર્ચાયા હોવાથી સંકલ્પ સભા-ગૃહમાં રજૂ થઈ શકયો નહીં.

પત્રક ક્રમાંક—૨૧

(જુઓ ફકરા ક્રમાંક—૩૦)

જુદી જુદી યુનિવર્સિટીઓની સેનેટ/કોર્ટ ઉપર સભ્યોની ચૂંટણી

ક્રમાંક	યુનિવર્સિટીનું નામ	સભ્યશ્રીનું નામ	ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખ
૧	૨	૩	૪
૧	મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી.	(૧) શ્રી ચંદ્રકાંત નંદલાલ પટેલ	૨૧–૭–૮૨

પત્રક ક્રમાંક—૨૨

(જુઓ ફકરા ક્રમાંક—૩૪)

સભાઓની તારીખવાર યાદી

(ખરેખર કામકાજ થયા પ્રમાણેની યાદી)

જુલાઈ, ૧૯૮૨

ગુરુવાર, તા. ૮મી	(૧) શોક-દર્શક ઉલ્લેખો.
	(૨) વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ—૯૩)
	ગુજરાત રાજ્ય માર્ગ-વાહનવ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૮૦—૮૧નો વાર્ષિક વહીવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે (પહેલો દિવસ). માન. રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રી. શ્રી મહંમદ સુરતી.
	(૩) બિન-સરકારી વિધેયકો.
શુક્રવાર, તા. ૯મી	વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ—૯૩)
	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક વહીવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે (બીજો અને છેલ્લો દિવસ). માન. રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રી શ્રી મહંમદ સુરતી.
સોમવાર, તા. ૧૨મી	વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ—૯૩)
	ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૧—૮૨નું વાર્ષિક નાણાકીય વિવરણ પત્રક (અંદાજપત્ર) વિચારણામાં લેવામાં આવે. (પહેલો દિવસ). માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

મંગળવાર, તા. ૧૩મી

(૧) શોકદર્શક ઉલ્લેખ.

(૨) વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ–૯૩)

ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૧–૮૨નું વાર્ષિક નાણાંકીય વિવરણ પત્રક (અંદાજપત્ર) વિચારણામાં લેવામાં આવે. (બીજો અને છેલ્લો દિવસ). માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

(૩) વૈધાનિક પ્રસ્તાવો (નિયમ–૧૦૦).

સન ૧૯૫૯ના મુંબઈ મોટર વાહન નિયમોને સુધારતી તા. ૨૦–૧–૮૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી ગૃહ વિભાગની તા. ૨૩–૯–૮૧ની અધિસૂચના ક્રમાંક : જી/જી/૮૧/૩૯૭/એમવીએ-૭૫૬૬-૩૯૨૮૦/ઈ-૨, ને સુધારવા બાબતનો પ્રસ્તાવ. માન. સભ્યશ્રી શશીકાન્ત લાખાણી.

બુધવાર, તા. ૧૪મી

(૧) સરકારી વિધેયકો

(૧) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૧૯૮૨નું મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક. માન. મકાન અને માર્ગવ્યવહાર મંત્રીશ્રી, શ્રી ખોડીદાન ઝુલા.

(૨) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૫૨–સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક. માન. સિંચાઈ મંત્રીશ્રી અમરસિંહ ચૌધરી.

(૩) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૬૬–સન ૧૯૮૨નું મુંબઈ ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ કરવા બાબત (ગુજરાત સુધારા) વિધેયક. માન. નાયબ મહેસૂલ મંત્રીશ્રી, મહંમદહુસેન બલોચ.

(૪) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૬૮ સન ૧૯૮૨નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક. માન. આરોગ્ય મંત્રીશ્રી, મનોહરસિંહજી જાડેજા.

(૨) વૈધાનિક પ્રસ્તાવો (નિયમ–૧૦૦)

સન ૧૯૪૮ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ નિયમોને સુધારતી તા. ૧૦–૩–૮૧ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી મકાન અને માર્ગવ્યવહાર વિભાગની તા. ૩–૨–૧૯૮૧ની અધિસૂચના ક્રમાંક : જીએચ/જ/૫/૮૧/બીઆરએ-૧૦૭૫/૩૯૪૯-ઑન–૧ને સુધારવા બાબતનો પ્રસ્તાવ. માન. સભ્યશ્રી જશવંતસિંહ ચૌહાણ.

(પ્રથમ બેઠક)

ગુરુવાર, તા. ૧૫મી

(૧) સરકારી વિધેયકો

સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૫૧-સન ૧૯૮૨નું ગુજરાત રાજમાર્ગ વિધેયક. માન. મકાન અને માર્ગ-વ્યવહાર મંત્રીશ્રી, ખોડીદાન ઝુલા.

(૨) બિન-સરકારી સંકલ્પો.

(બીજી બેઠક)

(૩) વૈધાનિક પ્રસ્તાવો સિવાયના સરકારી પ્રસ્તાવો (નિયમ–૯૩)

ગુજરાત ઔદ્યોગિક મૂડીરોકાણ નિગમનો સન ૧૯૭૯-૮૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે.-

(પહેલો અને છેલ્લો દિવસ) માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

શુક્રવાર, તા. ૧૬મી — ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવો પ્રસ્તાવ (નિયમ--૧૦૧)

ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ કથળતાં ઉભી થયેલી ગંભીર પરિસ્થિતિ અંગે વિચારણા કરવા બાબતનો પ્રસ્તાવ.

માન. વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી.

સોમવાર, તા. ૧૯મી — **સરકારી વિધેયકો.**

સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૫૧-સન ૧૯૮૨નું ગુજરાત રાજમાર્ગ વિધેયક. (પહેલું વાંચન) માન. મકાન અને માર્ગવ્યવહાર મંત્રીશ્રી ખોડીદાન ઝુલા.

(પ્રથમ બેઠક)

મંગળવાર, તા. ૨૦મી — સરકારી વિધેયકો અને નિયમ--૧૫૨ હેઠળનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ

(૧) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૫૧-સન ૧૯૮૨નું ગુજરાત રાજમાર્ગ વિધેયક.

માન. મકાન અને માર્ગવ્યવહાર મંત્રીશ્રી, ખોડીદાન ઝુલા.

(બીજી બેઠક)

(૨) ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક--૧--સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ. શ્રી અશોક ભટ્ટ, શ્રી મનુભાઈ કોટડીઆ.

(૩) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૯ સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.
માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

બુધવાર, તા. ૨૧મી

નિયમ ૧૫૨ હેઠળનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો.

(૧) વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક--૧--સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.
માન. સભ્યશ્રી અશોક ભટ્ટ,

(૨) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૯-સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક.
માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

ગુરુવાર, તા. ૨૨મી

(૧) દાખલ કરવાનું સરકારી વિધેયક.

સન ૧૯૮૨નું મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન (ગુજરાત દ્વિતિય સુધારા) વિધેયક. માન. નાયબ મહેસૂલ મંત્રીશ્રી
મહંમદહુસેન બલોચ.

(૨) નિયમ ૧૫૨ હેઠળનો વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયકો.

(ક) વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨(૨) અન્વયે વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક--૧-સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ નામંજૂર કરવા બાબતનો પ્રસ્તાવ.
માન. સભ્યશ્રી અશોક ભટ્ટ.

(ખ) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૯--સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક. માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

(૩) બિન-સરકારી વિધેયકો

સોમવાર, તા. ૨૬મી

નિયમ ૧૫૨ હેઠળનો વટહુકમ નામંજુર કરતો પ્રસ્તાવ અને સરકારી વિધેયક.

(ક) વિધાનસભાના નિયમોના નિયમ ૧૫૨ (૨) અન્વયે વટહુકમ નામંજૂર કરતો પ્રસ્તાવ.

સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક--૧--સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વટહુકમ નામંજૂર કરવા બાબતનો પ્રસ્તાવ. માન. સભ્યશ્રી અશોક ભટ્ટ.

(ખ) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૯-સન ૧૯૮૨નું ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા બાબત) વિધેયક. માન. મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

પત્રક ક્રમાંક—૨૩

(જુઓ ફકરા ક્રમાંક—૩૫)

રોજેરોજના કામકાજનો સારાંશ

ગુરુવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૨.

૧. પ્રશ્નોત્તરી શરૂ થાય ત્યાર પહેલાં, શ્રી લેખરાજ બચાણીએ નવા વિધાનસભાગૃહમાં સત્ર બોલાવવા અંગેનો પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કર્યો. અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો.

પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. (૧) મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ભૂતપૂર્વ મુંબઈ વિધાનસભાના સભ્ય શ્રી ભાણાભાઈ ગલબાભાઈ તડવીના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ચીમનભાઈ પટેલ, શ્રી લેખરાજ બચાણી અને શ્રી ભઈજીભાઈ તડવીએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવે.

(૨) મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી મંગળદાસ ઉત્તમરાય પંડ્યા તેમજ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય, શ્રી કમળાશંકર પંડિતના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારપછી વિરોધ પક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રીમતી શાંતાબહેન મકવાણા અને શ્રી અશોક ભટ્ટે સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થોને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું. ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થોનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૩) મુખ્ય મંત્રીશ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને માજી મંત્રી, શ્રી માલદેવજી ઓડેદરાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી. ત્યારપછી વિરોધ પક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણી, ઉપાધ્યક્ષશ્રી રમણિકભાઈ ધામી, કૃષિ મંત્રીશ્રી વિજયદાસજી મહંત, શ્રી શશિકાંત લાખાણી અને શ્રી મૂળજીભાઈ લુડકાએ સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

(૪) મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્ય અને ઉપાધ્યક્ષશ્રી વસંતલાલ વી. મહેતાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી લેખરાજ બચાણી અને શ્રી યાસિનમિયાં મલેકે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૩. શ્રી અંબાલાલ ઉપાધ્યાયે, નિયમ ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું :—

"મોડાસા નજીકની માજુમ નદી પરના ડેમના બાંધકામમાં તાજેતરમાં ભેખડ તૂટી પડતાં કામ પરના ચાર મજૂરોનાં તત્કાળ મૃત્યુ થતાં અને અન્ય કેટલીક વ્યકિતઓ ઘાયલ થતાં સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં"

સિંચાઈ મંત્રી શ્રી, અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૪. શ્રી અશોક ભટ્ટે માધ્યમિક શિક્ષણ બોર્ડે જે વિદ્યાર્થીઓની જવાબવહી તપાસી નહોતી તેમનાં પરિણામો જાહેર કરવા બાબતનો, અધ્યક્ષશ્રીની પૂર્વ મંજૂરીથી મુદ્દો ઉપસ્થિત કર્યો.

શિક્ષણ મંત્રી, શ્રી પ્રબોધ રાવળે મૌખિક નિવેદન કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને શિક્ષણ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૫. મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ સન ૧૯૮૨નો વટહુકમ ક્રમાંક-૧ સન ૧૯૮૨નો ગુજરાત સહકારી મંડળી (સુધારા અને માન્ય ઠરાવવા) બાબત વટહુકમ વિધાનસભાના મેજ ઉપર મૂકયો.

૬. સચિવશ્રીએ છઠ્ઠી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાષ્ટ્રપતિશ્રી/રાજ્યપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૧૯૮૨નાં વિધેયક ક્રમાંક ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૫૪, ૫૫, ૫૬, ૫૭ અને ૬૭ વિધાનસભાના મેજ ઉપર મૂકયાં.

૭. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી મહંમદહુસેન બારેજિયાએ સમિતિનો બાવીસમો અહેવાલ રજૂ કર્યો.

૮. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના પ્રમુખ, શ્રી મોહંમદહુસેન બારેજિયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના બાવીસમા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. રાજ્યકક્ષાના વાહનવ્યવહાર મંત્રી, શ્રી મહંમદભાઈ સુરતીએ, નિયમ ૯૩ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત રાજ્યમાર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનનો સન ૧૯૮૦-૮૧નો વાર્ષિક વહીવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે. ચર્ચામાં ૧ સભ્યે ભાગ લીધો. ચર્ચા અધૂરી રહી.

૧૦. શ્રી શાંતિલાલ પ. પટેલે ગાંધીનગરમાં પ્રાથમિક શિક્ષકોના આવેલા મોરચામાંની બહેનો પર થયેલા લાઠીચાર્જ અંગેનો મુદ્દો ઉભો કર્યો અને મંત્રીશ્રીને ખુલાસો કરવા વિનંતી કરી. બીજા વિરોધપક્ષના સભ્યોએ પણ સરકારને ખુલાસો કરવાનો આગ્રહ કર્યો, ત્યારે ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સરકાર પાસે તાત્કાલિક માહિતી લભ્ય ન હોઇ માહિતી મેળવીને તે ગૃહને જણાવશે. તેમ છતાં વિરોધપક્ષના સભ્યોએ આગ્રહ જારી રાખ્યો અને છેવટે વિરોધપક્ષના બધા સભ્યો સભાત્યાગ કરી ગયા.

૧૧. **બિનસરકારી વિધેયકો.**

(અ) દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો : નીચેનાં બિન-સરકારી વિધેયકો, સભાગૃહની અનુમતિથી, દાખલ કરવામાં આવ્યાં.

(૧) સન ૧૯૮૨નું મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન (ગુજરાત સુધારા) વિધેયક શ્રી મોહંમદહુસેન બારેજિયા

(૨) સન ૧૯૮૨નું ગુજરાત નિર્વાહ ભથ્થું ચૂકવવા બાબત વિધેયક, શ્રી જશવંતસિંહ ચૌહાણ.

(૩) સન ૧૯૮૨નું ગુજરાત કામદાર ઘર-ભાડાં ભથ્થાં વિધેયક, સભ્યશ્રી જશવંતસિંહ ચૌહાણ

(૪) સન ૧૯૮૨નું ગુજરાત પંચાયત અને નગરપાલિકા કાયદા (સુધારા) વિધેયક, શ્રી ભાનુભાઈ વાઘેલા

(૫) સન ૧૯૮૨નું ગુજરાત વિધાનસભા સચિવાલય (ભરતી અને સેવાની શરતો બાબત) વિધેયક શ્રી કૃષ્ણવદન પચ્ચીગર

(૬) સન ૧૯૮૨નું ગુજરાત (રાજ્ય સેવક દ્વારા) લોકતિરસ્કાર થતો અટકાવવા બાબત વિધેયક, શ્રી શશિકાંત લાખાણી

(બ) પહેલાં, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન-સરકારી વિધેયકો:-- નીચેનાં બિન-સરકારી વિધેયકોનાં પહેલા વાચનના પ્રસ્તાવો રજૂ થયાં, તેના પર ચર્ચા થઈ અને ચર્ચા બાદ, પ્રથમ બે વિધેયકો, સભાગૃહની અનુમતિથી, પાછા ખેંચી લેવામાં આવ્યાં, ત્રીજું વિધેયક ગૃહે નામંજૂર કર્યું.

(૧) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૪૪-સન ૧૯૮૨નું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન વિધેયક,

ચર્ચા દરમિયાન શ્રી વીરજીભાઈ દાફડાએ તેમના પ્રવચનમાં વાપરેલા શબ્દો "મગરનાં આંસુ" સામે વાંધો ઉઠાવવામાં આવતાં, અધ્યક્ષશ્રીએ, તે શબ્દો તેમની પાસે પાછા ખેંચાવરાવ્યા.

(૨) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૩૨-સન ૧૯૮૨નું મુંબઈ પ્રાથમિક શિક્ષણ (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક ૨૩-સન ૧૯૮૨નું ગુજરાત નગરપાલિકા (સુધારા) વિધેયક.

શુક્રવાર તા. ૯મી જુલાઈ, ૧૯૮૨

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબ આપવામાં આવ્યા.

૨. શ્રી શશિકાંત લાખાણીએ નિયમ--૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્ય મંત્રીશ્રી (વીજળી)નું ધ્યાન દોર્યું :—

"તાજેતરમાં ઉકાઈ, ગાંધીનગર અને ધુવારણનાં વિદ્યુત મથકોનાં જનરેટરો એકાએક યાંત્રિક ખામીઓને કારણે બંધ પડતાં ગુજરાતમાં સર્જાયેલ વીજળીની ભારે કટોકટીભરી પરિસ્થિતિ અને તે નિવારવા સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

મુખ્ય મંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને મુખ્ય મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા.

૩. સિંચાઈ મંત્રી, શ્રી અમરસિંહ ચૌધરીએ અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિયમ ૪૪ અન્વયે, નર્મદા યોજના અંગે નીતિવિષયક નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પુછયા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબ આપ્યા. નિવેદન પરની પ્રશ્નોત્તરી દરમિયાન શ્રી કેશુભાઈ પટેલે જણાવ્યું કે સિંચાઈ મંત્રીશ્રીએ સભાગૃહમાં સવા વર્ષ પહેલાં ખાતરી આપી હતી કે નર્મદા યોજના અંગે વિરોધપક્ષના અગ્રણીઓ સાથે ચર્ચા કરવામાં આવશે છતાં તે ખાતરીનું પાલન થયું નથી. અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સભાગૃહમાં ખાતરી આપ્યા બાદ તેને ગંભીરતાથી લેવી જોઈએ અને તેનું પાલન કરવું જોઈએ.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા :

(૧) (ક) ગુજરાત વિદ્યુત બોર્ડનો સન ૧૯૭૯--૮૦ના વર્ષનો પ્રશાંસકીય અહેવાલ.

(ખ) ગુજરાત લઘુ ઉદ્યોગ નિગમ લિમિટેડનો સન ૧૯૮૦ના વર્ષની કામગીરી દર્શાવતો અહેવાલ તેમજ નિગમના વાર્ષિક હિસાબો ઉપરનો સ્ટેચ્યુટરી ઓડિટરનો અહેવાલ તેમજ તે અંગે ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટીકાઓ.—મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

(૨) (ક) ગુજરાત સ્પેસિફાઈડ કો-ઓપરેટીવ સોસાયટીઝ ઈલેકશન્સ ટુ કમિટિઝ રુલ્સ, ૧૯૮૨ને ઘડતી ખેતી, વન અને સહકાર વિભાગની તા. ૧૮--૩--૮૨ની અધિસૂચના ક્રમાંક : જીએચકેએચ-૧૫૫-૮૨(-સીએસઆર-૧૬૮૧/૬૧૦૦-એસ-૬ (૧૬).

(ખ) મુંબઈ ગણોત વહીવટ અને ખેતીની જમીન નિયમો, ૧૯૫૬ને સુધારતી મહેસૂલ વિભાગની તા. ૫--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક : જીએચએમ-૮૨-૭૮-ટીએનસી-૧૦૭૭-૪૯૯૬-જે, —મુખ્યમંત્રીશ્રી માધવસિંહ સોલંકી.

(૩) (ક) ગુજરાત મનોરંજન કર નિયમો, ૧૯૭૯ને સુધારતી નાણા વિભાગની તા. ૧--૪-૮૨ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન-૪૬)-એમએનઆર-૧૦૭૯-૨૬૬૪-(એસ--૩૧)-(૩)થ-૧,

(ખ) મનોરંજન કરમાંથી મુકિત આપતી નાણાં વિભાગ/માહિતી ખાતાની—

(૧) તા. ૩--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક :- (જીએચએન--૫૧)-એમએનઆર-૧૩૮૦-૧૫૪૪ (એસ--૨૯) (૧) થ-૧,

(૨) તા. ૧૪--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક :- (જીએચએન--૫૬)-એમએનઆર-૩૮૨-૧૦૫૨-(એસ--૨૯) (૧) થ-૧,

(૩) તા. ૨૦--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક :- (જીએચએન--૫૮)-એમએનઆર-૧૩૮૧-૧૦૫૨ (એસ--૨૯) (૩) થ-૧,

(૪) તા. ૨૬--૪--૮૨ની અધિસૂચના :- ક્રમાંક :- (જીએચએન--૬૧)-એમએનઆર-૩૮૧-૩૦૫૩ (એસ--૨૯) થ-૧,

(૫) તા. ૨--૬--૮૨ની અધિસૂચના ક્રમાંક :- (જીએચએન--૭૦)-એમએનઆર-૧૩૮૨-૧૭૧૪ (એસ--૨૯) થ-૧,

(૬) તા. ૨--૬--૮૨ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૭૧)-એમએનઆર-૧૩૮૧-૧૭૨૬ (એસ-૨૯) થ-૧,

(૭) તા. ૧૪--૬--૮૨ની અધિસૂચના ક્રમાંક : જીએચ/જીએફ/૭૮-૧૬૯/એસએફસી/૧૩૮૧/૧૩૧૫૯૧-એફ-૧૦૭૯,

(૮) તા. ૨૩--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક : જીએચ/જીએફ/૭૮-૧૬૧/એસએફસી/-૧૩૮૨/૧૨૧૮૫/એફ-૭૫૪.

(ગ) ગુજરાત રાજ્ય વ્યવસાય, વ્યાપાર, ધંધા અને રોજગાર વેરા અધિનિયમ, ૧૯૭૬ અન્વયે નાણા વિભાગની તા. ૩૧--૩--૭૯ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૧૮)-પીએફટી-૧૦૭૯ (એસ--૨૬એ) (૩-ટી એક્ષ)ને સુધારતી તા. ૩--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૫૦) પીએફટી-૧૦૮૨/ (એસ--૨૬એ) (૮)-થ-૧.

—રાજ્યકક્ષાના નાણા મંત્રીશ્રી હરિહર ખંભોળજા.

૫. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો બાવીસમો અહેવાલ રજૂ કર્યો.

૬. સંસદીય બાબતોના મંત્રી શ્રી પ્રબોધ રાવળે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના બાવીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોરપોરેશનનો સન ૧૯૮૦--૮૧નો વાર્ષિક વહીવટી અહેવાલ વિચારણામાં લેવામાં આવે તે બાબતના પ્રસ્તાવ પરની ગુરુવાર, તા. ૮મી જુલાઈ, ૧૯૮૨ના રોજ અધૂરી રહેલી ચર્ચા આગળ ચાલી. ચર્ચા દરમિયાન વિરોધ પક્ષના નેતા, શ્રી દલસુખભાઈ ગોધાણીએ કરેલા અમુક ઉલ્લેખ સામે વાંધો ઉઠાવવામાં આવતાં, અધ્યક્ષશ્રીએ તે ઉલ્લેખ તેમની પાસે પાછો ખેંચાવરાવ્યો ચર્ચામાં ૮ વધુ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ ગૃહ મંત્રી, શ્રી પ્રબોધ રાવળે આપ્યો, ચર્ચા પૂરી થઈ.

સોમવાર, તા. ૧૨મી જુલાઈ, ૧૯૮૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. શ્રી અંબાલાલ ઉપાધ્યાયે, નિયમ ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)નું ધ્યાન દોર્યું:—

"તાજેતરમાં રાજ્યના કેટલાક વિસ્તારોમાં વરસાદ ખેંચાતાં ઉપસ્થિત થયેલી અનાવૃષ્ટિની પરિસ્થિતિને કારણે ઘાસ અને પાણીની અછત થતાં તે ગંભીર પરિસ્થિતિને દૂર કરવા સરકારે લીધેલાં કે લેવા ધારેલ પગલાં."

નાયબ મહેસૂલ મંત્રી, શ્રી મહમદહુસેન બલોચે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાયબ મહેસૂલ મંત્રીશ્રી અને મુખ્ય મંત્રીશ્રી એ તેના જવાબ આપ્યા.

૩. નાણા મંત્રી, શ્રી સનત મહેતાએ અધ્યક્ષશ્રીની સંમતિથી નિયમ ૪૪ અન્વયે, રાજય સરકારે લીધેલ ઓવરડ્રાફટ સંબંધે નિવેદન કર્યું.

સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછયા અને નાણાં મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૪. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:—

પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગની:—

(૧) ગુજરાત પંચાયત સેવા (હિન્દી પરીક્ષા) નિયમો, ૧૯૬૫ને સુધારતી:—

(ક) તા. ૧/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી—૮૩(૮૨)/પીઆરઆર/૧૦૮૧/૨૨૯૩ (૮૨)/—કેએચ.

(ખ) તા. ૧!૫!૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૮૭-(૮૨)/પીઆરઆર/૧૦૮૧/૩૨૪૪! કેએચ.

(૨) ગુજરાત પંચાયત સર્વિસ (ડિસિપ્લીન અને અપિલ) નિયમો, ૧૯૬૪ને સુધારતી—

(ક) તા. ૧/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૮૫(૮૨)/પીઆરઆર/૧૦૮૧/૩૨૪૪કેએચ

(ખ) તા. ૯/૬/૮૨ની અધિસૂચના ક્રમાંક: કેપી/૧૨૩/૮૨!પીઆરઆર/૧૦૮૧/૩૦૫૯ (૮૨) /કેએચ.

(૩) ગુજરાત પંચાયત સર્વિસ/કલા સિલેકશન એન્ડ રિક્રુટમેન્ટ/નિયમો, ૧૯૬૭ ને સુધારતી

(ક) તા. ૧/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક: કેપી/૮૬(૮૨)/પીઆરઆર/૧૦૮૧/૩૨૪૪ કેએચ—

(ખ) તા. ૩/૬/૮૨ની અધિસૂચના ક્રમાંક: કેપી/૧૨૦/૮૨/પીઆરઆર/૧૦૭૮/૨૪૮૯ (૮૨) /કેએચ.

(૪) ગુજરાત પંચાયત સર્વિસ સિલેકશન બોર્ડ (કાર્યો) નિયમો, ૧૯૬૪ને સુધારતી— તા. ૨૬/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૧૧૦/૮૨!પીઆરઆર/૧૦૮૦/૨૭૩૪(૮૨)કેએચ

(૫) ગુજરાત જિલ્લા પંચાયત સર્વિસ સિલેકશન કમિટિ (કાર્યો) નિયમો, ૧૯૬૪ને સુધારતી તા. ૨૬/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૧૧૧/૮૨/પીઆરઆર/૧૦૮૦/૨૭૩૪ (૮૨)—કેએચ:

(૬) ગુજરાત પંચાયત સેવા (આકસ્મિક રજા અને ખાસ રજા) નિયમો, ૧૯૬૬ને સુધારતી તા. ૨૬/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૧૧૨/પીઆરઆર/૧૦૮૦/૨૭૩૪(૮૨) કેએચ.

(૭) ગુજરાત પંચાયત સર્વિસ જનરલ પ્રોવિડટ ફંડ નિયમો, ૧૯૭૧ને સુધારતી તા. ૨૬/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક:કેપી/૧૧૩!પીઆરઆર/૧૦૮૦/૨૭૩૪(૮૨)કેએચ.

(૮) ગ્રામસેવક (પંચાયત સેવા રિક્રુટમેન્ટ એકઝામિનેશન)નિયમો, ૧૯૮૨ને સુધારતી તા. ૨૭/૫/૮૨ની અધિસૂચના ક્રમાંક: કેપી/૧૧૪/૮૨/પીઆરઆર/૧૦૮૦/૨૬૯૭/(૮૨)/ કેએચ.....પંચાયત મંત્રીશ્રી ત્રંબકલાલ દવે.

(૯) ગુજરાત વિધાનસભા (વિરોધપક્ષના નેતા) પગાર અને ભથ્થાં નિયમો, ૧૯૭૯ને સુધારતી કાયદા વિભાગની તા. ૮/૬/૮૨ની અધિસૂચના ક્રમાંક:જીકે/એલડી/૨૦/૮૨/૧૪૭/ ૧૨૯૬૫/બી (પી.એ).....સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રબોધ રાવળ.

૫. અધ્યક્ષશ્રીએ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટ પર ગુજરાત વિધાનસભાના એક પ્રતિનિધિની ચૂંટણીના કાર્યક્રમની જાહેરાત કરી.

૬. મુખ્ય મંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ, નિયમ ૯૩ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૧--૮૨નું વાર્ષિક નાણાકીય વિવરણપત્રક (અંદાજપત્ર) વિચારણામાં લેવામાં આવે .

ચર્ચામાં ૧૬ સભ્યોએ ભાગ લીધો ચર્ચા અધૂરી રહી.

૭. અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો તેવીસમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૮. સંસદીય બાબતોના મંત્રી, શ્રી પ્રબોધ રાવળે પ્રસ્તાવ રજૂ કર્યો કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના ત્રેવીસમા અહેવાલ સાથે સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો. અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

મંગળવાર, તા. ૧૩મી જુલાઈ, ૧૯૮૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત વિધાનસભાના માજી સભ્યશ્રી અમરસિંહ દીપસિંહ પરમારના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારપછી વિરોધપક્ષના નેતા શ્રી દલસુખભાઈ ગોધાણી, શ્રી ઉદેસિંહ બારિયા, શ્રી પર્વતસિંહ પરમાર અને શ્રી શાંતિલાલ પટેલે સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ, અધ્યક્ષશ્રીએ પણ સ્વર્ગસ્થને અંજલિ આપી. સભ્યોએ થોડીવાર ઉભા થઈ મૌન પાળ્યું.

ત્યારપછી અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે સ્વર્ગસ્થનાં કુટુંબીજનોને ગૃહની દિલસોજીનો સંદેશો મોકલવામાં આવશે.

૩. શ્રી બાબુભાઈ શાહે, નિયમ ૧૧૬ અન્વયે, નીચેની તાકીદની જાહેર અગત્યની બાબત પર સિંચાઈ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

"તાજેતરમાં સુરેન્દ્રનગર જિલ્લાના ચુડા નજીકના ચાચકા ડેમમાં ઉપરવાસમાં થયેલ વરસાદથી પાણી ભરાવાના કારણે ૪૦ ફૂટનું ગાબડું પડવાથી ડેમ જોખમી બનતાં ઉભી થયેલી પરિસ્થિતિ અંગે સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં."

સિંચાઈ મંત્રીશ્રી અમરસિંહ ચૌધરીએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું. સભ્યોએ નિવેદનમાંથી ઉપસ્થિત થતા પ્રશ્નો પૂછ્યા અને સિંચાઈ મંત્રીશ્રીએ તેના જવાબો આપ્યા.

૪. ગુજરાત વિદ્યુત બોર્ડનું સન ૧૯૮૧--૮૨નું વાર્ષિક નાણાકીય વિવરણપત્રક (અંદાજપત્ર) વિચારણામાં લેવામાં આવે. તે બાબતની સોમવાર, તા. ૧૨મી જુલાઈ, ૧૯૮૨ના રોજ મુખ્ય મંત્રીશ્રીના નિયમ ૯૩ અન્વયેના પ્રસ્તાવ પરની અધૂરી રહેલી ચર્ચા ચાલુ રહી. ચર્ચામાં ૧૬ વધુ સભ્યોએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ, મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ આપ્યો. ચર્ચા પૂરી થઈ.

૫. શ્રી શશીકાંત લાખાણીએ, નિયમ ૧૦૦ અન્વયે, નીચે મુજબનો વૈધાનિક પ્રસ્તાવ રજૂ કર્યો.

(6) "This House resolves that Government Notification, Home Department No. G/G/81/ 397/MVA-7566-39280/E.-2 dated the 23rd September, 1981 amending the Bombay Motor Vehicles Rules, 1959, laid on the table of the House on 20th January, 1982 be amended as follows :--

In rule 2, in new rule 83, C, in sub-rule (4),-

(1) in paragraph (C), for the words "two drivers", substitute the words "two drivers and one cleaner".

(2) in Paragraph (j), for the words "six months" substitute the words "three months", for the figures and word "15 months" substitute the words "six months", and for the words "to cancellation by the Transport Authority of the Home State" substitute the words "to be cancelled".

ગુજરાતી અનુવાદ

"આ સભાગૃહ ઠરાવે છે કે સન ૧૯૫૯ના મુંબઈ મોટર વાહન નિયમો સુધારતી તા. ૨૦મી જાન્યુઆરી ૧૯૮૨ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી ગૃહ વિભાગની તા. ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૮૧ની સરકારી અધિસૂચના ક્રમાંક:જી/જી/૮૧/૩૯૭/એમવીએ —૭૫૬૬—૩૯૨૮૦—ઈ—૨ નીચે મુજબ સુધારવામાં આવે:—

નિયમ ૨માં, નવા નિયમ ૮૩—ગમાં પેટા—નિયમ (૪)માં,—

(૧) ફકરા ગમાં "બે ડ્રાઈવરો"એ શબ્દોને બદલે "બે ડ્રાઈવરો અને એક ક્લીનર"એ શબ્દ મૂકવા.

(૨) ફકરા ઠમાં "છ મહિના" એ શબ્દોને બદલે "ત્રણ મહિના" એ શબ્દો મૂકવા, "૧૫ મહિના" એ શબ્દ તથા આંકડાને બદલે" "છ મહિના" એ શબ્દો મૂકવા અને "પોતાના રાજ્યના પરિવહન સત્તાધિકારીએ રદ કરવું." એ શબ્દોને બદલે "રદ કરવું" એ શબ્દો મૂકવા.

શ્રી શશિકાંત લાખાણીએ તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી ચર્ચામાં એક વધુ સભ્યે અને એક રાજ્યકક્ષાના મંત્રીશ્રીએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રી શશિકાંત લાખાણીએ આપ્યો અને ત્યારપછી તેમણે ઉક્ત પ્રસ્તાવ, સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લીધો.

બુધવાર, તા. ૧૪મી જુલાઈ, ૧૯૮૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી મંજૂરહુસેન પીરઝાદાએ સમિતિનો ત્રેવીસમો અહેવાલ રજૂ કર્યો.

૩. બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના સભ્ય, શ્રી મંજૂરહસેન પીરજાદાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે બિન-સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના ત્રેવીસમા અહેવાલ સાથે આ સભાગૃહ સંમત થાય.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. સરકારી વિધેયકો.— નીચેનું સરકારી વિધેયક ચર્ચા બાદ, સભાગૃહની અનુમતિથી, મુલતવી રાખવામાં આવ્યું :

(૧) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૧૨ સન ૧૯૮૨નું મુંબઈ ભાડા હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (ગુજરાત સુધારા) વિધેયક .

નીચેનાં સરકારી વિધેયકો પસાર કરવામાં આવ્યાં :

(૨) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૫૨--સન ૧૯૮૨નું મુંબઈ સિંચાઈ (ગુજરાત સુધારા) વિધેયક.

(૩) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક-૬૬ સન ૧૯૮૨નું મુંબઈના ખેતીની જમીનના ટુકડા પડતા અટકાવવા તથા તેનું એકત્રિકરણ બાબતનું (ગુજરાત સુધારા) વિધેયક.

(૪) સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક--૬૮ સન ૧૯૮૨નું ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી (સુધારા) વિધેયક.

૫. શ્રી જશવંતસિંહ ચૌહાણે, નિયમ ૧૦૩ અન્વયે, નીચેનો વૈધાનિક પ્રસ્તાવ રજુ કર્યો.

"This House resolves that Government Notification, Buildings and Communication Department No. GH/J5/81/BRA/1075/3949-N (i) dated the 3rd February, 1981 amending the Bombay Rents, Hotel and Lodging House Rates Control Rules, 1948, laid on the table of the House on 10th March, 1981 be amended as follows:--

"In clause 2, in sub-rule (1) of new rule 7 delete the word Ahmedabad."

ગુજરાતી અનુવાદ

"આ સભાગૃહ ઠરાવે છે કે તા. ૧૦મી માર્ચ, ૧૯૮૧ના રોજ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવેલી, સન ૧૯૪૮ના મુંબઈ ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ નિયમોને સુધારતી મકાનો અને માર્ગવ્યવહાર વિભાગની તા. ૩જી ફેબ્રુઆરી, ૧૯૮૧ની સરકારી અધિસૂચના ક્રમાંક : જીએચ/જે/૫/૮૧/બીરઆરએ/૧૦૭૫/૩૯૪૯/એન(૧)માં નીચે મુજબનો સુધારો કરવામાં આવે :—

"ખંડ--૨માં નવા નિયમ--૭ના પેટા નિયમ(૧)-માં "અમદાવાદ"એ શબ્દ કાઢી નાંખવો."

શ્રી જશવંતસિંહ ચૌહાણે તેમનાં મંતવ્યો રજૂ કર્યાં. ત્યારપછી ચર્ચામાં ૨ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો .

ચર્ચાનો જવાબ શ્રી જશવંતસિંહ ચૌહાણે આપ્યો અને ત્યારપછી, સભાગૃહની પરવાનગીથી, તેમણે ઉકત પ્રસ્તાવ પાછો ખેંચી લીધો.

ગુરુવાર, તા. ૧૫મી જુલાઈ, ૧૯૮૨.

પહેલી બેઠક

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. મુખ્યમંત્રી, શ્રી માધવસિંહ સોલંકીએ ગુજરાત રાજ્ય હસ્ત ઉદ્યોગ અને હાથવણાટ વિકાસ નિગમ લિમિટેડનો સન ૧૯૭૭–૭૮ના વર્ષનો વાર્ષિક અહેવાલ અને હિસાબો, ઓડિટરોનો અહેવાલ અને તેના ઉપર કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ વિધાનસભાના મેજ ઉપર મૂકયા.

૩. **સરકારી વિધેયકો:** સન ૧૯૮૨નું વિધેયક ક્રમાંક–૫૧—સન ૧૯૮૨નું ગુજરાત રાજ્ય માર્ગ વિધેયક પરની પહેલા વાચનની ચર્ચા અધૂરી રહી.

૪. **બિન સરકારી સંકલ્પો : (૧) શ્રી મોહનલાલ શાહનો સંકલ્પ :**

શ્રી મોહનલાલ શાહે નીચેનો બિન-સરકારી સંકલ્પ રજૂ કર્યો :

"નર્મદા જળવિવાદ દરમિયાન ટ્રીબ્યુનલ પાસે ગુજરાત સરકારે કચ્છને પણ ત્રણ કેનાલો (૧) શાખા–૧ ભાભરથી રાપર-ભચાઉ-અંજાર–મુંદ્રા–માંડવી તાલુકામાંથી થઈ અબડાસા તાલુકાના ડુમરા થઈ કુડલી ગામ પાસે દરિયામાં જતી શાખા–(૨)શાખા–૨ ભાભરથી રાપર, ભચાઉ–દુધઈ થઈ ભૂજ તાલુકાની મીયાણી વિસ્તાર-રુદ્રમાતા બંધ પાસેથી બન્નીમાં થઈ નખત્રાણા તાલુકાના નિરોણા-બીબર થઈ નાની બન્નીમાં થઈ લખપત તાલુકાના નરાથી આગળ રણમાં જતી શાખા (૩) શાખા-૩ પ્રથમ વિસ્તારમાં થઈ છાડબેટ સુધીની શાખાં દ્વારા પાણી આપવાની રજૂઆત કરતાં ટ્રીબ્યુનલે પણ કચ્છ જેવા સુકા પ્રદેશને પાણી આપવાની વાત સ્વીકારી છે ત્યારે કચ્છને એક માત્ર જીવાદોરી સમી નર્મદામાંથી ત્રણે કેનાલ દ્વારા પૂરતું પાણી મળે તે માટેની વ્યવસ્થા કરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે."

શ્રી મોહનલાલ શાહે તેમનાં મંતવ્યો રજ કર્યા ત્યારપછી ચર્ચામાં ૭ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ શ્રી મોહનલાલ શાહે આપ્યો અને ત્યારપછી તેમણે ઉકત સંકલ્પ, સભાગૃહની અનુમતિથી, પાછો ખેંચી લીધો.

(૨) શ્રી પ્રભાતસિંહ પરમારનો સંકલ્પ.

શ્રી પ્રભાતસિંહ પરમારે નીચેનો સંકલ્પ રજૂ કર્યો :—

"ગુજરાતમાં સમગ્ર ખેતીનો આધાર વરસાદ પર છે. વરસાદ મોડો થાય તો આ વરસે ચોમાસું મોડુ થાય. આ વરસે ચોમાસું મોડું થતાં ખરીફ પાકને અવળી અસર થવાનો અને પીવાના પાણી તેમજ ઘાસચારાની ચિંતાજનક પરિસ્થિતિ ઊભી થવાનો ભય છે. બીજી બાજુ વરસાદ સારો થાય તો ખેતીના પાકના થતા બધારાના કારણે વહીવટીતંત્ર આવી સ્થિતિને ભૂલી જાય છે.

રાજ્યમાં નદીઓના ઉપલબ્ધ પાણીની મર્યાદાના કારણે નર્મદા યોજનાનો અમલ પૂરો થશે ત્યારે પણ આશરે ૫૦ ટકા ખેતીને જ સિંચાઈના પાણીનો લાભ મળશે જ્યારે બાકીની ખેતી માટે બીજા રસ્તા વિચારવાના રહેશે. ભારત સરકારે આ પરિસ્થિતિને પહોંચી વળવા ડી.પી.એ.પી.ની યોજના અમલમાં મૂકવા છતાં આવા દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં મોટો ફરક પડવા પામ્યો નથી.

આવી પરિસ્થિતિ પ્રવર્તે છે ત્યારે રાજ્યના સંખ્યાબંધ વિસ્તારો જેવા કે સાવલી તાલુકાનો પાંડુમેવાસ વિસ્તાર, જામનગર જિલ્લોનો ઓખા મંડળ વિસ્તાર, ખેડા જિલ્લાનો વાડાશિનોર વિસ્તાર, મહેસાણા જિલ્લાનો ખાખરિયા ટપ્પાનો વિસ્તાર, બનાસકાંઠાનો રણ નજીકનો વિસ્તાર, જેવા વિસ્તારોને ખાસ સવાલોનો સામનો કરવાનો રહે છે. આવા વિસ્તારોમાં કેટલાક એવા પણ વિસ્તારો છે જે ટ્રાયબલ પ્લાન ડી.પી.એ.પી. કે હાથી સમિતિના પછાત તાલુકાઓની યાદીમાં પણ નથી.

આવા વિસ્તારો માટે જરુરી પગલાં વિચારવા તેમજ જે વિસ્તારોને નર્મદા યોજનાના અમલ પછી પણ સિંચાઈનો લાભ મળવાની શકયતા નથી એવા વિસ્તારોને સિંચાઈના પાણીની જરુરિયાત મળી રહે તે માટે અત્યારથી જ આયોજન કરવા જરૂરી પગલાં ભરવાં આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

શ્રી પ્રભાતસિંહ પરમારે તેમના મંતવ્યો રજૂ કર્યા. ત્યારપછી ચર્ચામાં ૮ સભ્યોએ અને ૧ મંત્રીશ્રીએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ શ્રી પ્રભાતસિંહ પરમારે આપ્યો અને ત્યારપછી તેમણે ઉકત સંકલ્પ, સભાગૃહની અનુમતિથી, પાછો ખેંચી લીધો.

બીજી બેઠક :

૧. આરોગ્ય મંત્રીશ્રી મનોહરસિંહજી જાડેજાએ, અધ્યક્ષશ્રીની પરવાનગીથી, નિયમ ૪૪ અન્વયે રાજ્ય સરકારે વિશ્વબેંક સહાય માટે રજૂ કરેલ ગુજરાત પાણી પુરવઠા અને ગટર યોજનાના પ્રોજેકટ પેકેટ અંગે નિવેદન કર્યું.

૨. મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ, નિયમ ૯૩ અન્વયે, પ્રસ્તાવ રજૂ કર્યો કે ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમનો સન ૧૯૭૯-૮૦નો વાર્ષિક અહેવાલ વિચારણામાં લેવામાં આવે. ચર્ચામાં ૧૫ સભ્યોએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીએ આપ્યો, ચર્ચા પૂરી થઈ.

શુક્રવાર, તા. ૧૬મી જુલાઈ, ૧૯૮૨.

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના મૌખિક જવાબો આપવામાં આવ્યા.

૨. નીચેના કાગળો તેની સામે દર્શાવેલા મંત્રીશ્રીઓએ વિધાનસભાના મેજ ઉપર મૂકયા:—

(ક) મુંબઈ મોટર સ્પીરીટ વેચાણવેરા અધિનિયમ ૧૯૫૮ અન્વયે વેરામાંથી મુક્તિ આપતી તા. ૭-૧૦-૮૧ની અધિસૂચના ક્રમાંક (જીએચએન--૬૫) એમએસએ- ૧૦૮૧ (એસ-૩૫)-ઠ,

(ખ) તા. ૭-૧૦-૮૧ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૬૫) --એમએસએ--૧૦૮૧ (એસ--૩૫)--ઠને સુધારતી તા. ૩૦-૩-૮૨ની અધિસૂચના ક્રમાંક-(જીએચએન--૪૦) એમએસએ--૧૦૮૨/(એસ--૩૫)--(૨)--ઠ,

(ગ) ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ અન્વયે તા. ૨૯-૪-૭૦ની અધિસૂચના ક્રમાંક:— (જીએચએન--૬૨૭)-જીએસટી--૧૦૭૦(એસ-૪૯)-ઠને સુધારતી:—

(૧) તા. ૩૦-૩-૮૨ની અધિસૂચના ક્રમાંક : (જીએચએન--૩૯)જીએસટી--૧૦૮૨ (એસ--૪૯)--(૧૨૪)--ઠ,

(૨) તા. ૧૫--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક:-(જીએચએન--૫૭)જીએસટી--૧૦૮૨ (એસ--૪૯)--(૧૨૫)--ઠ,

(૩) તા. ૨૭--૪--૮૨ની અધિસૂચના ક્રમાંક:—(જીએચએન--૬૩) જીએસટી--૧૦૮૨/ (એસ--૪૯)(૧૨૬)--ઠ,...રાજ્યકક્ષાના નાણાં મંત્રીશ્રી, હરિહર ખંભોળજા.

